# રાજકોટ મિરર

DAILY MORNING NEWS PAPER

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Year : 16 | Issue : 238 | Dt. 09-10-2026 | Page : 08 | Price : Rs 3

RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# સાઉદીમાં ભારતીયો માટે એડવાઈઝરી

## યમન તરફથી સતત હુમલાને લઈને ઘરમાં રહો, વીડિયો શેર ન કરવા સલાહ



નવી દિલ્હી, તા.૮

યમન તરફથી સાઉદી અરેબિયા પર સતત થઈ રહેલા હુમલાઓ વચ્ચે રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસે સાઉદીમાં રહેતા ભારતીય નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી છે. દૂતાવાસે ભારતીયોને સતર્ક રહેવા, શક્ય હોય તેટલો સમય ઘરમાં રહેવા અને સ્થાનિક અધિકારીઓ દ્વારા સત્તાવાર ચેનલથી આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવા કહ્યું છે. સાથે જ હાલની ઘટનાઓ સાથે સંબંધિત કોઈપણ વીડિયો કે સમાચાર શેર ન કરવાની પણ સલાહ આપવામાં આવી છે.

દૂતાવાસે પોતાની એડવાઈઝરીમાં કહ્યું કે હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાઉદી અરેબિયામાં રહેતા તમામ ભારતીય નાગરિકોએ સતર્ક રહેવું જોઈએ. તેમણે શક્ય તેટલો સમય ઘરની અંદર રહેવા અને સ્થાનિક અધિકારીઓની સૂચનાઓનું પાલન કરવા જણાવ્યું છે.

ભારતીય દૂતાવાસે નાગરિકોને હાલની ઘટનાઓ સાથે સંબંધિત કોઈપણ વીડિયો અથવા સમાચાર સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો પર શેર ન કરવાની સલાહ આપી છે. દૂતાવાસે સત્તાવાર ચેનલ દ્વારા આપવામાં આવતી માહિતી અને સૂચનાઓનું પાલન કરવા જણાવ્યું છે.

યમનના ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહીઓએ સાઉદી અરેબિયાની રાજધાની રિયાધમાં આવેલા કિંગ ખાલિદ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને પૂર્વી સાઉદી અરેબિયાના દમ્મામ સહિત અનેક સ્થળોને નિશાન બનાવી મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે. આ હુમલાઓને કારણે રિયાધમાં વિમાન સેવા અસ્થાયી રીતે પ્રભાવિત અથવા સ્થગિત કરવી પડી હતી. અગાઉ દમ્મામ, ખમીસ મુશૈત, અભા અને તાઈફ જેવા શહેરોમાં પણ બેલિસ્ટિક મિસાઈલ અને ડ્રોનથી હુમલા કરવામાં આવ્યા હતા.

ભારતે ૮ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સાઉદી અરેબિયાના ૨ એરપોર્ટ પર તાજેતરમાં થયેલા હુમલાની કડક નિંદા કરી છે. ભારતે કહ્યું કે સામાન્ય નાગરિકો સાથે જોડાયેલા મહત્વપૂર્ણ સ્થળો અને માળખાને નિશાન બનાવવું સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. સાઉદી અધિકારીઓના જણાવ્યા અનુસાર છેલ્લા ૨ દિવસમાં અભા ઈન્ટરનેશનલ એરપોર્ટ અને કિંગ ખાલિદ એરપોર્ટ પર હૂતી વિદ્રોહીઓ દ્વારા કરવામાં આવેલા કથિત હુમલામાં ૩ લોકોનાં મોત થયા છે.

ભારતના વિદેશ મંત્રાલયે કહ્યું કે છેલ્લા કેટલાક દિવસોમાં અભા ઈન્ટરનેશનલ એરપોર્ટ અને કિંગ ખાલિદ એરપોર્ટને નિશાન બનાવી કરવામાં આવેલા હુમલાની ભારત નિંદા કરે છે. આ હુમલામાં સામાન્ય નાગરિકોના મોત અને ઈજા થઈ છે. વિદેશ મંત્રાલયે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઘાયલો ઝડપથી સાજા થાય તેવી શુભેચ્છા પાઠવી. ભારતે કહ્યું કે તે સાઉદી અરેબિયાના લોકો અને સરકાર સાથે એકજૂટ થઈને ઊભું છે.

### TCS, ઈન્ફોસિસ, વિપ્રો અને માઈક્રોસોફ્ટ માટે ગ્રીન કાર્ડ સ્પોન્સરશિપ પર મૂક્યો પ્રતિબંધ

# ભારતીય IT કંપનીઓ પર પ્રતિબંધ મૂકતું US

નવી દિલ્હી, તા.૮

અમેરિકાએ ભારતીય IT કંપનીઓ TCS, ઈન્ફોસિસ, વિપ્રો, HCL, કોગ્નિઝન્ટ, માઈક્રોસોફ્ટ, એડોબ અને કેપજેમિની પર ગ્રીન કાર્ડ સ્પોન્સરશિપ પર તાત્કાલિક પ્રતિબંધ મૂક્યો છે. અમેરિકન નાગરિકોને નોકરીમાં પ્રાથમિકતા આપવા અને સ્થાનિક રોજગારને વેગ આપવા આ કડક કાર્યવાહી કરાઈ છે. PERM હેઠળ હવે નવી કે પેન્ડિંગ અરજીઓ પ્રોસેસ નહીં થાય. આ નિર્ણયથી ભારતીય IT પ્રોફેશનલ્સ અને કંપનીઓ માટે મોટો પડકાર ઉભો થયો છે.

અમેરિકન સરકારે પોતાના દેશના નાગરિકો માટે નોકરીઓ સુરક્ષિત કરવાના હેતુથી H-1B વિઝા અને રોજગાર નિયમો પર અત્યાર સુધીની સૌથી મોટી કડક કાર્યવાહી હાથ ધરી છે. અમેરિકાએ ભારતની અગ્રણી આઈટી કંપનીઓ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS), ઈન્ફોસિસ, વિપ્રો, HCL, કોગ્નિઝન્ટ તેમજ ગ્લોબલ દિગ્ગજ માઈક્રોસોફ્ટ, એડોબ અને કેપજેમિની માટે ગ્રીન કાર્ડ સ્પોન્સર પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ લગાવી દીધો છે. આ કંપનીઓને હવે 'પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન પ્રોગ્રામ' (PERM) હેઠળ નવી અરજીઓ કરવા કે પેન્ડિંગ અરજીઓ આગળ વધારવા પર રોક લગાવી દેવામાં આવી છે, જે કુશળ વિદેશી કર્મચારીઓને ગ્રીન કાર્ડ અપાવવાનું મુખ્ય માધ્યમ માનવામાં આવે છે.




અમેરિકાના વાઇસ પ્રેસિડેન્ટ જેડી વેન્સે જણાવ્યું હતું કે, અમારો સ્પષ્ટ મેસેજ છે કે, કંપનીઓએ હવે અમેરિકન વર્કર્સને નોકરી આપવી પડશે. વ્હાઇટ હાઉસમાં એક પત્રકાર પરિષદ દરમિયાન તેમણે પુષ્ટિ કરી હતી કે પ્રશાસન H-1B અને J-1 વિઝાના માળખામાં મોટા પાયે ફેરફાર કરી રહ્યું છે. વિદેશી કર્મચારીઓ પર વધુ પડતી નિર્ભરતા ઘટાડીને સ્થાનિક રોજગારને વેગ આપવો એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

શ્રમ સચિવ કીથ સોન્ડરલિંગે જણાવ્યું હતું કે શ્રમ વિભાગ હવે આ બ્લેકલિસ્ટેડ કંપનીઓ પાસેથી ન તો નવી અરજીઓ સ્વીકારશે કે ન તો અગાઉની પેન્ડિંગ અરજીઓ પ્રોસેસ કરશે. મુખ્ય આઉટસોર્સિંગ કંપનીઓ સામે નિયમોના ઉલ્લંઘન અને ખામીઓનો લાભ લેવાના કારણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જ્યારે માઈક્રોસોફ્ટ અને એડોબ સામે હાલ ચાલી રહેલી ફેડરલ તપાસના કારણે આ રોક લગાવવામાં આવી છે. આ ઉપરાંત ન્યાય વિભાગે અમેરિકન ઉમેદવારોને નજરઅંદાજ કરી વિદેશી કર્મચારીઓની ભરતી કરવાના મામલે ઊંડી તપાસ આદરી છે.

### વોટ ચોરી વિવાદમાં ભાજપના જ પીઢ નેતાના નિવેદનથી મોદી સરકાર ઘેરાઈ

# સુપ્રીમ કોર્ટે દખલ કરવી જોઈએ : મુરલીમનોહર



નવી દિલ્હી, તા.૮

ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ અને વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોષીએ નવી દિલ્હીમાં યોજાયેલા ૨૧મા ફિક્કી હાયર એજ્યુકેશન સમિટ ૨૦૨૬ દરમિયાન લોકશાહી, ચૂંટણી પંચ, વિદ્યાર્થીઓના આંદોલન અને નવી શિક્ષણ નીતિ અંગે ખુલીને વાત કરી છે. તેમણે જણાવ્યું કે સાચી લોકશાહી ટકાવી રાખવા માટે ચૂંટણીઓ નિષ્પક્ષ રીતે યોજાવી ખૂબ જ અનિવાર્ય છે.

ચૂંટણી પંચની કામગીરી અને વિપક્ષ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ અંગે વાત કરતાં મુરલી મનોહર જોષીએ કહ્યું કે, 'લોકશાહીની સફળતા માટે નિષ્પક્ષ ચૂંટણીઓ, જવાબદાર સરકારો અને પારદર્શક વહીવટી તંત્ર હોવું જરૂરી છે. જો લોકશાહીમાં ક્યાંય પણ બંધારણનો ઉલ્લંઘન થતો હોય, તો સુપ્રીમ કોર્ટે તેમાં દખલ કરવી જોઈએ.

દેશભરમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો વિશે વાત કરતાં પૂર્વ શિક્ષણ મંત્રીએ કડક શબ્દોમાં કહ્યું કે, 'સરકાર કે પ્રશાસને બળપ્રયોગ કે લાઠીચાર્જ કરવાને બદલે વિદ્યાર્થી ઓની વ્યાજબી માંગણીઓ ખૂબ જ સંવેદનશીલતાથી સાંભળવી જોઈએ. લાઠીચાર્જથી ક્યારેય કોઈ સમસ્યા ઉકેલાતી નથી, કારણ કે આ આંદોલન કરનારા વિદ્યાર્થીઓ આપણા પોતાના જ સંતાનો છે.'નવી શિક્ષણ નીતિ વિશે પૂછવામાં આવતાં મુરલી મનોહર જોષી કહ્યું કે, 'હજુ આ નીતિને લાગુ થયાને વધુ સમય થયો નથી, તેથી તેના સંપૂર્ણ પરિણામોનું આકલન કરવું હાલ વહેલું ગણાશે. આ માત્ર શરૂઆત છે અને તેના સાચા પરિણામો સમય જતાં જ સામે આવશે.

# ત્રણ એરલાઈન્સે ફ્યુઅલ સરચાર્જ વધાર્યો

## આજથી ટિકિટ થશે ૪૦૦ થી ૧૨૦૦ સુધી મોંઘી : અગાઉના બુકિંગ પર કોઈ અસર નહિ

નવી દિલ્હ, તા.૮

હવાઈ મુસાફરી કરનારા પ્રવાસીઓ માટે હવે ફ્લાઈટ ટિકિટ મોંઘી થવા જઈ રહી છે. એર ઈન્ડિયા, એર ઈન્ડિયા એક્સપ્રેસ અને અકાસા એરલાઈન્સે ફ્યુઅલ સરચાર્જમાં વધારો કરવાની જાહેરાત કરી છે. આ નવા દરો આજે ૯ ઓક્ટોબરથી થનારી નવી બુકિંગ પર લાગુ થશે. આ ફેરફારને કારણે ડોમેસ્ટિક ફ્લાઈટ્સમાં અંતર પ્રમાણે મુસાફરોએ હવે ૪૦૦ રૂપિયાથી લઈને ૧૨૦૦ રૂપિયા સુધીનો વધારાનો ચાર્જ ચૂકવવો પડશે. જોકે, જેમણે અગાઉથી ટિકિટ બુક કરાવી લીધી છે તેમના પર આ વધારાની કોઈ અસર થશે નહીં.

એરલાઈન્સ કંપનીઓના જણાવ્યા અનુસાર, વૈશ્વિક સ્તરે વધતા તણાવને કારણે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF)ના ભાવ સતત વધી રહ્યા છે. કોઈપણ એરલાઈન માટે ઈંધણનો ખર્ચ સૌથી મોટો હિસ્સો ધરાવે છે. ઈંધણના વધતા ભાવને પગલે કંપનીઓ પર આર્થિક બોજ વધતાં આ સરચાર્જ વધારવાની ફરજ પડી છે.

એર ઈન્ડિયાએ એપ્રિલ ૨૦૨૬માં ડોમેસ્ટિક ફ્લાઈટ્સ માટે અંતરના આધારે ફ્યુઅલ સરચાર્જ લાગુ કર્યો હતો. તે સમયે ૦ થી ૫૦૦ કિલોમીટરની ઉડાન પર ૨૯૯ રૂપિયા, ૫૦૧થી



૧૦૦૦ કિલોમીટર પર ૩૯૯ રૂપિયા, ૧૦૦૧ થી ૧૫૦૦ કિલોમીટર પર ૫૪૯ રૂપિયા, ૧૫૦૧ થી ૨૦૦૦ કિલોમીટર પર ૭૪૯ રૂપિયા અને ૨૦૦૦ કિલોમીટરથી વધુ અંતરની ઉડાન પર ૮૯૯ રૂપિયા સરચાર્જ વસૂલવામાં આવતો હતો. એર ઈન્ડિયાના તમામ સ્લેબમાં વધારો કરવામાં આવ્યો છે. એર ઈન્ડિયામાં હવે ૦ થી ૫૦૦ કિમીના અંતર માટે ૪૦૦ રૂપિયા, ૫૦૧ થી ૧૦૦૦ કિમી માટે ૬૦૦ રૂપિયા, ૧૦૦૧ થી ૧૫૦૦ કિમી માટે ૮૫૦ રૂપિયા અને ૧૫૦૧ કિમીથી વધુના અંતર માટે ૧૨૦૦ રૂપિયા સરચાર્જ ચૂકવવો પડશે. સૌથી ટૂંકા રૂટ પર ૧૦૧ રૂપિયા અને લાંબા રૂટ પર ૪૫૧ રૂપિયા સુધીનો વધારો થયો છે. એર ઈન્ડિયા એક્સપ્રેસમાં ૯ ઓક્ટોબર રાત્રે ૧૨:૦૦ વાગ્યાથી અને એર ઈન્ડિયામાં સવારે ૧૧:૦૦ વાગ્યાથી આ નવા દરો લાગુ થશે.

અકાસા એરે પણ ૯ ઓક્ટોબર રાત્રે ૧૨:૦૧ વાગ્યાથી નવો સરચાર્જ લાગુ કર્યો છે. સ્થાનિક ફ્લાઈટ્સમાં ૦ થી ૫૦૦ કિમી માટે ૩૭૫ રૂપિયા, ૫૦૧ થી ૧૦૦૦ કિમી માટે ૬૦૦ રૂપિયા, ૧૦૦૧ થી ૧૫૦૦ કિમી માટે ૯૦૦ રૂપિયા અને ૧૫૦૧ કિમીથી વધુ અંતર માટે ૧૧૫૦ રૂપિયા ચાર્જ લાગશે. આ ઉપરાંત કુવૈત, કતાર, સાઉદી અરેબિયા, યુએઈ, થાઈલેન્ડ અને વિયેતનામ જતી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પર પ્રતિ મુસાફર ૨૫૦૦ રૂપિયા નવો ફ્યુઅલ સરચાર્જ લેવામાં આવશે.

### મિડલ ઈસ્ટ મોંઘું, લાંબા રૂટ પર રાહત

એર ઈન્ડિયા ગ્રુપે આંતરરાષ્ટ્રીય રૂટ્સ પર પણ ફેરફાર કર્યા છે. વેસ્ટ એશિયા અને મિડલ ઈસ્ટના રૂટ પર સરચાર્જ ૫૦ ડોલરથી વધારીને ૫૫ ડોલર કરાયો છે. જોકે લાંબા અંતરના રૂટ પર રાહત આપતાં નોર્થ અમેરિકા માટે સરચાર્જ ૨૮૦ ડોલરથી ઘટાડીને ૨૧૫ ડોલર, ઓસ્ટ્રેલિયા માટે ૨૮૦ થી ઘટાડીને ૨૧૦ ડોલર અને યુરોપ માટે ૨૦૫ ડોલરથી ઘટાડીને ૧૩૫ ડોલર કરવામાં આવ્યો છે.

### GST કાઉન્સિલની બેઠકમાં મહત્વના નિર્ણયો

# દસ હજારથી ઓછાના કેસમાં શો-કોઝ નોટીસ નહિ

## અધિકારીઓની જોહુકમી ખતમઃ નોટિસ-દંડના નિયમો બદલાયા : કરદાતાઓ-વેપારીઓને મોટી રાહત

નવી દિલ્હી, તા.૮

GST કાઉન્સિલની ૫૭મી બેઠકમાં વેપારીઓ અને કરદાતાઓ માટે અનેક મહત્ત્વના નિર્ણયો લેવાયા. કાઉન્સિલે GST અધિકારીઓની સીધી ધરપકડની સત્તા પાછી ખેંચી, નાના વિવાદો ઘટાડવા ૧૦,૦૦૦ રૂપિયાથી ઓછા કેસમાં શો-કોઝ નોટિસ નહીં આપવાનો નિર્ણય કર્યો છે. ડિલિવરી સર્વિસ પર ટેક્સ ૧૮%થી ૫% થયો, રિટ્રેડેડ ટ્રેક્ટર ટાયર પર ૫% ટેક્સ લાગશે. કર્મચારીઓના હેલ્થ અને લાઇફ ઇન્સ્યોરન્સ, ટેલિકોમ ટાવર અને આઉટડોર કેટરિંગ પર ITC મળશે.

GST કાઉન્સિલે અધિકારીઓ પાસેથી સીધી ધરપકડ કરવાની સત્તા પાછી ખેંચવાની દરખાસ્તને મંજૂરી આપી છે. આ નિર્ણયનો અર્થ એ છે કે સામાન્ય કર વિવાદોમાં ટેક્સ અધિકારીઓ સીધા જ કોઈ વ્યક્તિની ધરપકડ કરી શકશે નહીં. ગંભીર ગુનાહિત કેસો અને જાણીજોઈને કરવામાં આવેલી મોટી ટેક્સ ચોરી જેવા મામલાઓમાં કાર્યવાહી કરવા માટે હવે કાયદાકીય અદાલતી પ્રક્રિયાનું પાલન કરવું પડશે. આ બેઠકના એજન્ડામાં CGST એક્ટની કલમ ૬૯ હેઠળ ધરપકડની જોગવાઈમાં ફેરફાર કરવાનો અને માત્ર અતિ ગંભીર બાબતો પૂરતી જ ફોજદારી કાર્યવાહી મર્યાદિત રાખવાનો પ્રસ્તાવ પહેલેથી સામેલ હતો.

કંપનીઓ માટે બીજો મોટો નિર્ણય કર્મચારીઓના સ્વાસ્થ્ય અને જીવન વીમા સાથે જોડાયેલો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, કંપનીઓ પોતાના કર્મચારીઓ માટે જે ગ્રૂપ હેલ્થ અને લાઇફ ઇન્સ્યોરન્સ લે છે તેના પર ચૂકવવામાં આવેલા GSTની ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) ક્લેઇમ કરવાની છૂટ આપવામાં આવી છે. આ વ્યવસ્થા લાગુ થવાથી કર્મચારી કલ્યાણ પાછળ કંપનીઓનો જે વાસ્તવિક ખર્ચ થતો હતો તેમાં મોટો ઘટાડો થશે.



GST કાઉન્સિલે ટેલિકોમ ટાવર અને ફેક્ટરી પરિસરની બહાર પાથરેલી પાઇપલાઇન પર પણ ઈઝઈ મેળવવાનો માર્ગ મોકળો કર્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, આ પગલાથી ટેલિકોમ ક્ષેત્રની સાથે રિફાઇનિંગ, પેટ્રોકેમિકલ્સ, ગેસ વિતરણ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલા ઉદ્યોગોને મોટો ફાયદો થશે, કારણ કે આ ઉદ્યોગોમાં આવા માળખાકીય સાધનો પાછળ મોટો મૂડીખર્ચ કરવો પડતો હોય છે.

ડિલિવરી સેક્ટરમાં કામ કરતા લોકો અને કંપનીઓ માટે પણ મોટા રાહતના સમાચાર છે. સૂત્રો અનુસાર, અનરજિસ્ટર્ડ ડિલિવરી સર્વિસ આપતા રાઇડર્સની સેવાઓ પર GST દર ૧૮% થી ઘટાડીને ૫% કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ સુધારાના પગલે નાના ડિલિવરી સર્વિસ પ્રોવાઇડર્સ અને ઈ-કોમર્સ કંપનીઓ પર કરવેરાનો બોજ નોંધપાત્ર રીતે હળવો થશે. કંપનીઓ માટે વધુ એક લાભકારી નિર્ણય આઉટડોર કેટરિંગ અંગે લેવાયો છે. સૂત્રોના અહેવાલો મુજબ, પાત્રતા ધરાવતા વ્યવસાયોને આઉટડોર કેટરિંગ પાછળ થતા ખર્ચ પર ચૂકવાયેલા GST સામે ITC મેળવવાની મંજૂરી મળશે, જેથી કોર્પોરેટ ઇવેન્ટ્સ અને કેટરિંગ ખર્ચમાં કંપનીઓને બચત થશે.

ખેતી ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો માટે પણ ટેક્સ ઘટાડવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રિટ્રેડેડ ટ્રેક્ટર ટાયર પર GST દર ૧૮%થી ઘટાડીને ૫% કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી જૂના ટ્રેક્ટર ટાયરને ફરી ઉપયોગ કરવા યોગ્ય બનાવીને તૈયાર કરાયેલા રિટ્રેડેડ ટાયર હવે ખેડૂતોને ઓછા દરે ઉપલબ્ધ થશે. કાઉન્સિલે ફ્રી સેમ્પલ અને કાયદા મુજબ નષ્ટ કરવા પડતા સામાન પર પણ ઈઝઈ સુધારા મંજૂર કર્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, કંપનીઓ જે ફ્રી સેમ્પલ આપે છે અને જેના પર GST ચૂકવવામાં આવ્યો હોય તેમજ એક્સપાયર થઈ ગયેલો માલ જેને કાયદેસર નાબૂદ કરવો ફરજિયાત હોય, તેના પર કંપનીઓને ITC ક્લેઇમ કરવાની મંજૂરી મળશે. આ ફેરફારથી FMCG અને ફાર્મા ક્ષેત્રને સૌથી મોટી રાહત મળશે, કારણ કે દવાની કંપનીઓમાં ડોક્ટર્સને સેમ્પલ આપવા અને તારીખ વીતી ગયેલી દવાઓ નષ્ટ કરવી એ રોજિંદા વેપારનો મુખ્ય હિસ્સો છે.

### ફનવર્લ્ડ ખાતે પુજીત રૂપાણી ટ્રસ્ટ દ્વારા

# 'બાળ સંગમ'માં ૭૦૦ બાળકો મન મૂકીને ઝૂમ્યા

## નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરી સ્વ. વિજયભાઈ રૂપાણીના સેવાકીય સંકલ્પને બિરદાવ્યો : પૂર્વ પ્રદેશ પ્રમુખ આર.સી.ફળદુ, સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા અને મહાનુભાવોની ઉપસ્થિતિ




ગાંધીનગર, તા. ૮

'લાલો' ફેમ અભિનેત્રી રીવા રાચ્છ બાળકો સાથે મનોરંજનમાં જોડાઈ, મહાનુભાવો બાળકો સાથે ભોજનની પંગતમાં બેઠા, રાઈડ્સ અને ભોજનનો આનંદ માણ્યો

પુજીત વિજયભાઈ રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા સ્વ. પુજીતના જન્મદિવસ નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ શહેરના ઝૂંપડપટ્ટી વિસ્તારના, કચરો વીણતા અને છેવાડાના બાળકો એક દિવસ મન મૂકીને પોતાના હકનું બાળપણ માણી શકે તેવા ઉમદા આશયથી રાજકોટના રેસકોર્ષ સ્થિત 'ફનવર્લ્ડ' ખાતે ભવ્ય 'બાળ સંગમ' મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં ૭૦૦ જેટલા ભૂલકાંઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરતાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, સ્વ. વિજયભાઈ રૂપાણી ગમે તેટલા વ્યસ્ત હોય તોપણ બાળ સંગમ કાર્યક્રમમાં અચૂક હાજરી આપતા હતા. વિજયભાઈ હંમેશાં સત્યના આગ્રહી હતા અને ગરીબ બાળકોના ઉત્થાન માટે ટ્રસ્ટના માધ્યમથી તેમણે કંડારેલા સેવાના માર્ગને આગળ ધપાવવા તેમણે આહવાન કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન પૂર્વ કેબિનેટ મંત્રી અને પૂર્વ પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુએ ટ્રસ્ટની ૩૦ વર્ષની સેવાયાત્રાને બિરદાવતાં જણાવ્યું હતું કે, ૫૦ બાળકોથી શરૂ થયેલી આ સંસ્થાએ આજે આઈઆઈટીથી લઈને ડોક્ટર સુધીની કારકિર્દી ઘડીને અનેક પરિવારોમાં ઉજાસ પાથર્યો છે. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહેલી જાણીતી ગુજરાતી ફિલ્મ 'લાલો'ની અભિનેત્રી રીવા રાચ્છે બાળકો સાથે ભારે આત્મીયતા કેળવી હતી. તેમણે ફિલ્મના જાણીતા સંવાદ એક વખત કોશિશ તો કરનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, પ્રામાણિક પ્રયત્ન કરનારને ઉપરવાળો ચોક્કસ મદદ કરે છે. રીવા રાચ્છે બાળકોના મુક્ત હાસ્ય અને ઉત્સાહને વધાવી કાર્યક્રમને હૃદયપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન અમીનેશભાઈ રૂપાણીએ કર્યું હતું, આભારવિધિ વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટે આટોપી હતી અને સમગ્ર સંચાલન તેજસભાઈ શિસાંગીયાએ સંભાળ્યું હતું. આ પ્રસંગે સાંસદ પરશોત્તમભાઈ રૂપાલા, રોલેક્ષ રિંગ્સના એમ. ડી. મનીષભાઈ માદેકા, મેયર નેહલભાઈ શુક્લ, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ, ધનસુખભાઈ ભંડેરી, નીતિનભાઈ ભારદ્વાજ, પૂર્વ મેયર બીનાબેન આચાર્ય, ડો. જૈમનભાઈ ઉપાધ્યાય, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, પ્રદેશ સહ-સંગઠન મંત્રી અરુણભાઈ બિનાડી, ફનવર્લ્ડના એમ. ડી. હિતેન્દ્રસિંહ જાડેજા તથા પ્રદિપસિંહ ઝાલા, રાજકોટ નાગરિક બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક, ડો. મેહુલભાઈ રૂપાણી અને મહેશભાઈ ભટ્ટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તમામ અતિથિઓનું ટ્રસ્ટના અગ્રણીઓ દ્વારા પુષ્પગુચ્છથી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ડાયસ કાર્યક્રમ બાદ તમામ બાળકોને સ્વાદિષ્ટ નાસ્તો કરાવી ફનવર્લ્ડની તમામ રાઈડ્સની મનોરંજક સફર કરાવવામાં આવી હતી, જેમાં અભિનેત્રી રીવા રાચ્છ અને અન્ય આગેવાનો પણ બાળકો સાથે રાઈડ્સમાં જોડાયા હતા. ત્યારબાદ તમામ બાળકો અને ઉપસ્થિત મહાનુભાવોએ એક જ પંગતમાં બેસીને ભાવતા ભોજનનો આનંદ માણ્યો હતો. ભોજન બાદ દરેક બાળકને આકર્ષક ગિફ્ટ તથા આઈસ્ક્રીમ કેન્ડી આપવામાં આવી હતી અને ટ્રસ્ટ દ્વારા તમામ બાળકોને સલામત રીતે તેમના ઘરે પહોંચાડવાની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ આયોજનને સફળ બનાવવા માટે આ કાર્યક્રમને યશસ્વી બનાવવા માટે ટ્રસ્ટના અંજલીબેન વિજયભાઈ રૂપાણી, મહેશભાઈ ભટ્ટ, ડો. મેહુલભાઈ રૂપાણી અને અમીનેશભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ હરેશભાઈ ચાંચીયા, કિશોરભાઈ ગમારા, દિલીપ મિરાણી, ઉમેશભાઈ કુંડલિયા, હસુભાઈ ગણાત્રા, કેતનભાઈ મેસવાણી, કનુભાઈ હિંડોચા, જયપ્રકાશભાઈ આચાર્ય, સરોજબેન આચાર્ય, પરેશભાઈ હુંબલ, રજનીભાઈ ગોલ, પીયુષભાઈ રાજપરા, મનીષભાઈ દેડકિયા, હર્ષદભાઈ સરવૈયા, રાજુ ભાઈ શેઠ, એન.જી. પરમાર, છગનભાઈ ચૌહાણ, રમેશભાઈ ભારદ્વાજ, આદિત્ય હરીશભાઈ શાહ, હરેશભાઈ શાહ, નીરજભાઈ પાઠક, રવજીભાઈ દવેરા, જયસુખભાઈ ડાભી, કે.બી. ગજેરા, જગદીશભાઈ પંડ્યા, હર્ષદભાઈ પરમાર, મહેશભાઈ અગ્રવાલ, રીચાબેન અગ્રવાલ, પ્રવીણભાઈ ખોખર, રાજનભાઈ મકવાણા, શ્યામભાઈ ડાભી, હિમાંશુભાઈ સરવૈયા, કમલેશભાઈ રાઠોડ, લક્ષ્મણભાઈ, હનીફભાઈ, સલુચાચા, વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટ અને કો-ઓર્ડીનેટર સાગરભાઈ પાટીલ સહિતના અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત ટ્રસ્ટના કર્મચારીગણમાંથી શીતલબા ઝાલા, પ્રીતીબેન મેહતા, ધાનીબેન મકવાણા, અનિલભાઈ ચાવડા અને પ્રવીણભાઈ વેકરીયા વગેરેનો પણ આ સમગ્ર આયોજનને સફળ બનાવવામાં વિશેષ સહયોગ રહ્યો હતો.

### ક્રાઈમ બ્રાન્ચ અને પેરોલ ફર્લો સ્કવોડે બાતમી આધારે દમણ અને અમદાવાદથી બંને આરોપીઓને દબોચી લીધા

# માલવિયાનગર-ગાંધીગ્રામ પોલીસના ગુનામાં ફરાર બે આરોપીઓ ઝડપાયા



રાજકોટ, તા.૮

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય માંડલિક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) જગદીશ બાંગરવા અને મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) ભરત બી. બસિયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેરમાં વણઉકેલાયેલા ગુનાઓ શોધવા અને નાસતા ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશ અંતર્ગત પોલીસને બે અલગ-અલગ ગુનામાં સફળતા મળી છે.

પ્રથમ બનાવમાં રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર, સી.એચ. જાદવ અને પીએસઆઈ ડી.પી. ઝાલાની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ કરણભાઈ કોઠીવાળ, કોન્સ્ટેબલ અરવિંદભાઈ ફતેપરા અને પોપટભાઈ ગમારાને એક આરોપી અંગે બાતમી મળી હતી.

જેના આધારે ક્રાઈમ બ્રાન્ચના એ.એસ.આઈ. યશવંતભાઈ ભગત, હેડ કોન્સ્ટેબલ રાજદીપભાઈ પટગીર, અમિતભાઈ ટુંડિયા, પુષ્પરાજસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ કિશનભાઈ પાંભર, મહાવીરસિંહ જાડેજા અને રઘુવીરસિંહ જાડેજાએ ટીમ બનાવીને, માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં એક વર્ષથી નાસતા ફરતા આરોપી, નાની દમણ, ગોકુલધામ સોસાયટી, બી વિંગ, એફ-૬૦૨, રાજ પેલેસની બાજુમાં, ખારીવાડ દમણ)ના આકાશ અનીલ ગીલાણીને પકડી પાડી માલવિયાનગર પોલીસને સોંપવામાં આવ્યો છે. ઝડપાયેલા આરોપી આકાશ સામે અગાઉ વલસાડના વાપી ટાઉન અને પારડી તેમજ સુરતના સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન અને ચોરીના ગુનાઓ પણ નોંધાયેલા હોવાનો ગુનાહિત ઈતિહાસ ખૂલ્યો છે.

જ્યારે અન્ય એક બનાવમાં પેરોલ ફર્લો સ્કવોડના પીઆઈ પી.એન. પઢિયારના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.બી. ઘાસુરાની ટીમ પેટ્રોલીંગમાં હતી. હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસના આધારે આ ટીમે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં એટ્રોસિટી સહિતનાનોંધાયેલા ગુનામાં બે વર્ષથી નાસતા ફરતા આરોપીની બાતમી મળી હતી.

દરમિયાન પેરોલ ફર્લો સ્કવોડના એ.એસ.આઈ. ઝહીરભાઈ ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રાજદીપસિંહ ગોહિલ, હેડ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ચૌહાણ, સિરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, જયેશભાઈ ચોસલા, કોન્સ્ટેબલ અમીનભાઈ ભલુર, કુલદીપસિંહ જાડે જા, શાંતુબેન મુળિયા, કોન્સ્ટેબલ યોગેશભાઈ આદ્રોજા અને ડ્રાઇવર કોન્સ્ટેબલ દોલતસિંહ રાઠોડ સહિતની ટીમે, વર્ધાનગર સહારા સિટી ફ્લેટ નં-૩૦૩ સી-૪, નાગપુર, મહારાષ્ટ્ર)ના તુષાર હરીશ રાવલને અમદાવાદ શહેરમાંથી દબોચી લીધો છે. આગળની તપાસ માટે ગાંધીગ્રામ પોલીસને સોંપવાની તજવીજ કરી છે.

# ગુજસીટોકમાં જમીન રદ કરવા સરકાર પક્ષની અરજી સેશન્સ કોર્ટે ફગાવી

## ઘરે કામ કરતા બહેનને ફરિયાદી તરીકે ઊભા કરી, ખોટી સ્ટોરી બનાવી મેટોડા પોલીસ સ્ટેશનમાં બનાવટી FIR દાખલ કરાઈ હતી

રાજકોટ, તા.૮

રાજકોટમાં ગુજસીટોકના ગુનામાં અગાઉ હાઈકોર્ટમાંથી જામીન પર મુક્ત થયેલા રમેશ રાણાભાઈ મકવાણાના જામીન રદ કરાવવા માટે સરકાર પક્ષે કરેલી અરજીને રાજકોટના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજએ ફગાવી દીધી છે.

મળતી વિગતો મુજબ રમેશ મકવાણા સહિત ત્રણ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, જે ગુનાના કામે હાઈકોર્ટે રમેશ મકવાણાને શરતોને આધીન જામીન પર મુક્ત કર્યો હતો. આ શરત મુજબ તેઓ પોતાના ગામડે રહેતા હતા અને ત્યાં સીસીટીવી કેમેરા પણ હતા. તેમ છતાં, હરીફ જૂથ દ્વારા રમેશ મકવાણાની ઘરે અગાઉ કામ કરતા અને ચોરીના કારણે કાઢી મુકાયેલા બહેનને ફરિયાદી તરીકે ઊભા કરી એક ખોટો ગુનો નોંધાવવામાં આવ્યો હતો. આ ફરિયાદમાં એવો આક્ષેપ કરાયો હતો કે રમેશ મકવાણા કાર લઈને મેટોડા મુકામે તેમના પૂર્વ કામવાળાની ઘરે આવ્યા હતા અને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ એફઆઈઆરને આધાર બનાવીને સરકારે તેમના ગુજસીટોકના જામીન રદ કરવા રાજકોટ ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં અરજી કરી હતી.



આ અરજીના વિરોધમાં બચાવ પક્ષના એડવોકેટ સુરેશ ફળદુએ રજૂઆત કરી હતી કે, જામીન કેન્સલેશન માટે આ એફઆઈઆર બનાવટી અને ગોઠવણભરી સ્ટોરીના આધારે દાખલ કરવામાં આવી છે. રમેશ મકવાણા બનાવના સમયે પોતાના ઘરે સીસીટીવી કેમેરા નીચે હાજર હતા, છતાં તેમને મેટોડા ખાતે હાજર બતાવવામાં આવ્યા છે. વધુમાં એવી પણ દલીલ કરવામાં આવી હતી કે, એકવાર જામીન આપ્યા પછી તે ટેકનીકલી કે સામાન્ય કારણોસર રદ થઈ શકે નહીં, જામીન રદ કરવા એ સિરિયસ સ્ટેપ છે અને તેના માટે 'રેરેસ્ટ ઓફ ધ રેર' સંજોગો હોવા જોઈએ.

અદાલતે તમામ પક્ષોની રજૂઆત અને રેકર્ડ પરની હકીકતો ધ્યાને લીધી હતી. કોર્ટે નોંધ્યું હતું કે, જે નવી એફઆઈઆરના આધારે સરકાર જામીન રદ કરવા માંગે છે, તે જ એફઆઈઆર રદ કરાવવા આરોપીએ હાઈકોર્ટમાં કાર્યવાહી કરેલી છે જેમાં હાઈકોર્ટે હકીકતલક્ષી પાસાઓને ધ્યાને લઈ તપાસ ચાલુ રાખીને આરોપી સામે કાર્યવાહી ન કરવાનો હુકમ કરેલો છે. આથી, કોર્ટે પોતાની સત્તાનો ઉપયોગ જામીન રદ કરવાની તરફેણમાં ન માનીને નવી દાખલ થયેલી એફઆઈઆરના આધારે રમેશ મકવાણાના જામીન રદ કરવાની સરકારની અરજી નામંજૂર કરી છે. આ કેસમાં આરોપી વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા અને મદદમાં નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખૂંટ, આર્યન કોરાટ, જયમલ મકવાણાઅને રાહીલ ફળદુ રોકાયા હતા.

# ઘરફોડિયા ઝડપાતા બે ચોરીના ભેદ ઉકેલાયા

## ૫૦ કિલો કોપર વાયર, રોકડ રકમ અને રિક્ષા મળી ૧.૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો

## એ-ડિવિઝન અને યુનિવર્સિટી પોલીસ મથકના ગુના ઉકેલાયા : બંનેનો ગુનાહિત ઈતિહાસ

રાજકોટ, તા.૮

રાજકોટ શહેરમાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા અને વણઉકેલાયેલી ચોરીના બનાવો શોધી કાઢવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલિક, નાયબ પોલીસ કમિશનર (ક્રાઈમ) જગદીશ બાંગરવા અને મદદનીશ પોલીસ કમિશનર (ક્રાઈમ) બી.બી. બસિયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ સઘન કાર્યવાહી કરી રહી છે.

આવી ઝુંબેશ અંતર્ગત ડીસીબી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર અને સી.એચ. જાદવની રાહબરીમાં પીએસઆઈ એસ.એમ. રાણા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન એ.એસ.આઈ. વિજયરાજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ ભાનુભાઈ ધાંધલા, કોન્સ્ટેબલ સંજયભાઈ ખાખરીયા અને ધર્મેશભાઈ ખાંડેખાને સંયુક્ત બાતમી મળી હતી.

ચોક્કસ બાતમીના આધારે પીઆઈ એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર, સી.એચ. જાદવ, પીએસઆઈ એસ.એમ. રાણા, એ.એસ.આઈ. સંજયભાઈ દાફડા, વિજયરાજસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ તુલસીભાઈ ચુડાસમા, લાલજીભાઈ હાડગડા, સુભાષભાઈ ધોધારી, ધર્મેન્દ્રભાઈ કુંચાલા અને કોન્સ્ટેબલ સંજયભાઈ ખાખરીયા તેમજ ધર્મેશભાઈ ખાંડેખા વિગેરેએ ટીમ બનાવી ચોરીના કોપર વાયર અને રોકડા રૂપિયા સાથે કાલાવાડ રોડ, સ્વામિનારાયણ મંદિર પાછળ વૈશાલીનગરમાં રહેતા આરીફ ઉર્ફે ચકી ફૈજમહમદ શેખ નામના શખ્સ તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલા એક બાળ કિશોરને પકડી પાડ્યા હતા. આ બંનેની અટકાયતથી રાજકોટ શહેરના એ-ડિવિઝન પોલીસ સ્ટેશન અને ગાંધીગ્રામ-૨ (યુનિવર્સિટી) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના બે ગુનાઓ નો ભેદ ઉકેલાઈ ગયો છે. પોલીસે આરોપીઓ પાસેથી ૪૦ હજારના આશરે ૫૦ કિલો વજનના કોપર ગૂંચળા અને વાયર ૨૮,૨૦૦ રોકડ અને ૧ લાખની જીજે ૦૩ એડબલ્યુ ૮૩૦૩ નંબરની રિક્ષા મળીને ૧,૬૮,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે મુખ્ય આરોપી આરીફ ઉર્ફે ચકી સામે અગાઉ રાજકોટના તાલુકા, ગાંધીગ્રામ અને ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં પાંચ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે, જ્યારે બાળ કિશોર સામે ગાંધીગ્રામ, યુનિવર્સિટી અને એ-ડિવિઝન પોલીસ મથકમાં કુલ સાત ગુનાઓ નોંધાયેલા છે. પોલીસે બંનેને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

# નશાકારક દવાઓનું કૌભાંડ : ચાર પેઢી પર દરોડા

## ૪૨.૬ લાખથી વધુ કિંમતનો નશાકારક સીરપ અને ટેબલેટ્સનો જથ્થો જપ્ત, બે મેડિકલ સ્ટોરના લાયસન્સ કાયમી ધોરણે રદ : સુરત-વડોદરામાં FDCAની મેગા ડ્રાઈવ





ગાંધીનગર, તા.૮

રાજ્યમાં નશાકારક દવાઓના દુરુપયોગને અટકાવવા અને નાગરિકોના આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સૂચના અને ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનરના માર્ગદર્શન હેઠળ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. વડોદરાના કરજણ અને સુરત ખાતે કુલ ચાર પેઢીઓ પર સઘન દરોડા પાડીને અંદાજિત રૂ. ૪૨.૬ લાખથી વધુ કિંમતનો નશાકારક દવાઓનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે, અને બે પેઢીના વેચાણ પરવાના કાયમી ધોરણે રદ કરવામાં આવ્યા છે.

મહારાષ્ટ્ર એનસીબીતરફથી મળેલી બાતમીના આધારે વડોદરાના કરજણ ખાતે મેસર્સ ચામુંડા ફાર્મા પર સંયુક્ત દરોડો પાડવામાં આવ્યો હતો. આ તપાસમાં એનડીપીએસ એક્ટ હેઠળ આવતી ૧૩,૯૩૮ કોડીન કફ સીરપની બોટલો (અંદાજિત કિંમત રૂ. ૨૭.૮૦ લાખ) અને આશરે રૂ. ૫૦ હજારની કિંમતની ૧૨,૨૪૦ અલ્પ્રાઝોલમ ટેબલેટ્સ મળી આવી હતી. ગંભીર ઉલ્લંઘનને પગલે આ પેઢીને સીલ કરીને તેના વેચાણ પરવાના ૧ ઓક્ટોબર, ૨૦૨૬થી કાયમી ધોરણે રદ કરાયા છે. આ ઉપરાંત, કરજણ સ્થિત મેસર્સ માજીસા મેડિકલ સ્ટોર્સમાં રજીસ્ટર્ડ ફાર્માસિસ્ટની ગેરહાજરીમાં ગર્ભપાત ઘટક ધરાવતી ગોળીઓનો જથ્થો મળી આવતા તથા યોગ્ય તાપમાન ન જાળવવા બદલ નોટિસ પાઠવીને તેમનો છૂટક વેચાણનો પરવાનો ૫ ઓક્ટોબર, ૨૦૨૬થી કાયમી રદ કરવામાં આવ્યો છે.

ઓનલાઈન દવાઓનું ગેરકાયદેસર વેચાણ કરતી પેઢીઓ સામે પણ કડક કાર્યવાહી થઈ છે. ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના સિલ્ડેનાફિલ સાઇટ્રેટ (Sildenafil Citrate) જેવી દવાઓના વેચાણ અંગેની સૂચના બાદ ૧ ઓક્ટોબરે સુરતના વરાછા વિસ્તારમાં મેસર્સ ડર્મેટીક્સ ઈન્ડિયા પર દરોડો પડ્યો હતો. અહીંથી માન્ય ડ્રગ લાયસન્સ વિના વેબસાઈટ મારફતે વેચાતી સિલ્ડેનાફિલ, મિનોક્સિડીલ અને કીટોકોનાઝોલ દવાઓનો રૂ. ૧૧.૨૬ લાખથી વધુનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત, સુરતના મોટા વરાછામાં મેસર્સ ક્યારા ઈન્ટરનેશનલ ખાતે ૩ ઓક્ટોબરે થયેલી તપાસમાં ખયયતવજ્ઞ પ્લેટફોર્મ પર 'જ્ઞાહમયક્ષફરશહ ઔદિયમશભ' ના નામે એલોપેથીક દવાઓ વેચવામાં આવતી હોવાના ડિજિટલ પુરાવા મળ્યા હતા. છેલ્લા એક મહિનામાં આશરે રૂ. ૩.૬૦ લાખનું વેચાણ થયું હોવાનું સામે આવ્યું છે. અગાઉ પણ પરવાના વિના દવાઓના સંગ્રહ બદલ કાર્યવાહીનો સામનો કરી ચૂકેલી આ પેઢી સામે પુનરાવર્તિત ઉલ્લંઘન ગણીને ઔલિત ફક્ષમ ઈજ્ઞતળયશિંભત અભર્ં, ૧૯૪૦ હેઠળ વધુ કડક પગલાં લેવાઈ રહ્યા છે. જપ્ત કરાયેલા તમામ દવાઓના નમૂનાઓ પૃથક્કરણ માટે વડોદરાની સરકારી પ્રયોગશાળા (FDL) ખાતે મોકલવામાં આવ્યા છે, જેના રિપોર્ટ બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં નારી શક્તિનો ડંકો

# પદવીદાન સમારંભમાં દીકરીઓને ૧૦૫ ગોલ્ડ મેડલ

## સામાજિક ઉત્તરદાયિત્વ અને રાષ્ટ્ર નિર્માણ એ જ શિક્ષિત હોવાનું સાચું પ્રમાણઃ આચાર્ય દેવવ્રત







રાજકોટ, તા. ૮

રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે રાજ્યપાલ અને કુલાધિપતિ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં તેમજ શિક્ષણ રાજ્ય મંત્રી ત્રિકમભાઈ છાંગાની વિશેષ ઉપસ્થિતિમાં ૬૧મો પદવીદાન સમારંભ અત્યંત ઉત્સાહપૂર્વક યોજાઈ ગયો. આ પ્રસંગે યુનિવર્સિટી દ્વારા ૧૬ વિદ્યાશાખાના કુલ ૪૫,૯૨૪ વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરવામાં આવી હતી. આ સમારોહની સૌથી વિશેષ વાત એ રહી કે એનાયત કરવામાં આવેલા કુલ ૧૩૨ ગોલ્ડ મેડલ પૈકી ૧૦૫ ગોલ્ડ મેડલ મેળવીને દિકરીઓએ પોતાની પ્રતિભાનો ડંકો વગાડ્યો હતો.

પદવીદાન સમારંભમાં વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, દીક્ષાંત સમારોહ એ કોઈપણ યુનિવર્સિટી માટે અત્યંત ખાસ અને ગૌરવપૂર્ણ દિવસ હોય છે, કારણ કે વાલીઓએ જે આશા અને વિશ્વાસ સાથે પોતાના સંતાનોને ગુરુજનોના શરણે સોંપ્યા હતા, તે ઉદ્દેશ્ય આજે પૂર્ણ થયો છે. તેમણે યુવાનોને પ્રેરણા આપતાં કહ્યું હતું કે, કિશોરાવસ્થામાંથી યુવાવસ્થામાં પ્રવેશતાંની સાથે જ હવે રાષ્ટ્ર નિર્માણની મોટી જવાબદારી વહન કરવાનો સમય આવી ગયો છે. સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવું એ જ સાચા અર્થમાં શિક્ષિત હોવાનું પ્રમાણ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ દેશમાં થઈ રહેલા પરિવર્તનોનો ઉલ્લેખ કરતા રાજ્યપાલે ઉમેર્યું હતું કે, આજે દેશમાં રોડ નેટવર્ક, આધુનિક રેલવે સ્ટેશનો, વંદે ભારત અને બુલેટ ટ્રેન જેવા માળખાકીય સુધારાઓથી સકારાત્મક પરિવર્તન આવી રહ્યું છે. સાયન્સ ટેકનોલોજી, સ્પેસ, વિમાન, હેલિકોપ્ટર અને આયુધ નિર્માણ ક્ષેત્રે ભારત હવે આત્મનિર્ભર બનીને નિકાસકાર દેશ તરીકે ઉભરી રહ્યો છે. તેમણે 'સત્યં વદ, ધર્મં ચર...' ના વૈદિક મંત્રનો ઉલ્લેખ કરી યુવાનોને હંમેશા સત્યનું આચરણ કરવા, કર્તવ્યનું પાલન કરવા, જ્ઞાનવૃદ્ધિ કરવા અને પ્રામાણિકતા તથા 'રાષ્ટ્ર પ્રથમ'ના ભાવ સાથે કાર્ય કરવા આહ્વાન કર્યું હતું. આ તકે તેમણે ૧૩૨ માંથી ૧૦૫ ગોલ્ડ મેડલ મેળવનારી દિકરીઓને વિશેષરૂપે બિરદાવી હતી અને યુવકોને તેમાંથી પ્રેરણા લેવા અનુરોધ કર્યો હતો.

આ અવસરે શિક્ષણ રાજ્ય મંત્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, યુવાનો ભારતના ઉજ્જ્વળ ભવિષ્યના સાચા નિર્માતા છે. નવી શિક્ષણ નીતિના અમલથી શિક્ષણને જીવનલક્ષી, કૌશલ્યલક્ષી અને સર્વાંગી વિકાસ સાથે જોડવામાં આવ્યું છે. તેમણે રાજ્યપાલના નેતૃત્વમાં ચાલી રહેલા પ્રાકૃતિક ખેતીના મહાઅભિયાનને બિરદાવતાં કહ્યું હતું કે આ પ્રયાસોના મીઠા ફળ આગામી સમયમાં સમાજને મળશે. આ સાથે જ તેમણે સોશિયલ મીડિયાના વધતા પ્રભાવ વચ્ચે વિદ્યાર્થીઓને માત્ર સકારાત્મક અને ઉપયોગી બાબતો અપનાવી પોતાના પ્રગતિશીલ ભવિષ્યનું નિર્માણ કરવા સલાહ આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં કુલપતિ ઉત્પલ જોશીએ શાબ્દિક સ્વાગત કરી યુનિવર્સિટીની સિદ્ધિઓ રજૂ કરી હતી. આ સમારોહમાં ૧૪૫ વિદ્યાર્થીઓને ૨૨૭ પ્રાઈઝ તથા ૧૧૫ મહાનુભાવોના હસ્તે કુલ ૧૩૨ ગોલ્ડ મેડલ (૨૭ વિદ્યાર્થીઓ અને ૧૦૫ વિદ્યાર્થીનીઓ) આપી સન્માનિત કરાયા હતા. આભારવિધિ પરીક્ષા નિયામક ડો. ધીરેનભાઈ પંડ્યાએ કરી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, ઉપ્રઘ અનંદુ સુરેશ ગોવિંદ, કુલસચિવ ડો. અજયસિંહ જાડેજા સહિત યુનિવર્સિટીનો સ્ટાફ, વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### હડતાલના બીજા દિવસે મહેસુલી કર્મચારીઓએ ઝાડુ ઉપાડી હાથ ધર્યું 'સફાઈ અભિયાન'

# સરકારી હડતાલ વચ્ચે અનોખો સૂર

રાજકોટ, તા. ૮

રાજ્યભરમાં પોતાની વિવિધ પડતર માગણીઓને લઈને અચોક્કસ મુદતના આંદોલન પર ઉતરેલા મહેસુલી કર્મચારીઓની હડતાલનો ગઈકાલે બીજા દિવસ હતો જેમાં સડસડાટ અને સંગઠિત શક્તિ સાથે યથાવત રહી હતી. હડતાલના બીજા દિવસે પણ સરકારી કચેરીઓના મહેસૂલી વિંગમાં કામગીરી સ્થગિત જોવા મળી હતી, પરંતુ આ વિરોધ પ્રદર્શન વચ્ચે આજે એક અત્યંત અનોખો અને પ્રશંસનીય નજારો જોવા મળ્યો હતો. માત્ર નારાબાજી કે વિરોધ વ્યક્ત કરવાને બદલે, કર્મચારીઓએ ગાંધીચિંધ્યા માર્ગે સામાજિક જવાબદારીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



ગઈકાલ સવારે હડતાલના સ્થળે મોટી સંખ્યામાં ભેગા થયેલા ૨૦૦થી ૨૫૦ જેટલા મહેસુલી કર્મચારીઓએ સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું. કર્મચારીઓએ જણાવ્યું હતું કે, વર્તમાન સરકારનું જે સ્વચ્છતા અને સફાઈ માટેનું વિઝન છે, તેને માન આપીને આજે તમામ કર્મચારીઓએ એકઠા થઈને સમગ્ર પરિસરમાં જાતે સફાઈ કરી હતી. આ પહેલ પાછળનો મુખ્ય હેતુ આંદોલનની સાથે સાથે એક સકારાત્મક 'ક્રિએટિવિટી' અને લોકહિતની સામાજિક કામગીરી દર્શાવવાનો હતો. વિરોધના આ અનોખા અભિગમે પ્રજા અને વહીવટી આલમમાં ભારે આકર્ષણ અને સરાહના જગાવી છે.

જોકે, આ આંદોલનના કારણે વહીવટી સ્તરે વ્યાપક અસરો પણ વર્તાઈ રહી છે. હાલના તબક્કે કોન્ટ્રાક્ટ બેઝ પર ફરજ બજાવતા કમ્પ્યુટર ઓપરેટર લેવલના કર્મચારીઓની કામગીરી ચાલુ રાખવામાં આવી છે, જેનાથી નાગરિકોને પ્રાથમિક સ્તરની અમુક જ કામગીરીમાં રાહત મળી રહી છે. પરંતુ બીજી તરફ, નાયબ મામલતદાર કક્ષાના તમામ અનુભવી અને નિર્ણાયક અધિકારીઓ હડતાલમાં જોડાયા હોવાથી વહીવટી તંત્રનું મુખ્ય માળખું સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. જમીન મહેસૂલ, વિવિધ દાખલા, નોંધણી, અરજીઓનો નિકાલ તેમજ નીતિ વિષયક નિર્ણયો સાથે જોડાયેલી મહત્વની કામગીરી અટકી પડતાં સરકારી કચેરીઓ સુમસામ ભાસી રહી છે.

હડતાલ પર ઉતરેલા કર્મચારીઓએ પોતાના દ્રઢ મનોબળ અને આશાવાદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેઓ સરકાર સામે ટકરાવ નહીં પરંતુ પોતાની વ્યાજબી અને ન્યાયી માગણીઓનો સાનુકૂળ ઉકેલ ઈચ્છે છે. આશરે ૨૫૦ જેટલા કર્મચારીઓની હાજરીમાં રજૂઆત કરતા આગેવાનોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, રાજ્ય સરકાર કર્મચારીઓની આ સંવેદનશીલ અને ન્યાયપૂર્ણ માગણીઓને ગંભીરતાથી લેશે અને બહુ જ ટૂંકા સમયમાં તમામ પ્રશ્નોનું સંતોષકારક નિરાકરણ લાવશે. કર્મચારીઓએ સ્પષ્ટ કર્યું હતું કે જેમ જ સરકાર તરફથી તેમની માગણીઓ સ્વીકારાઈ જશે, તેમ તુરંત જ હડતાલ સમેટી લેવામાં આવશે અને તમામ કર્મચારીઓ પૂર્ણ નિષ્ઠા સાથે પોતપોતાની ફરજ પર પરત ફરીને અટકેલા પ્રજાકીય કામોને વેગ આપશે. હાલ તો આંદોલનના બીજા દિવસે સફાઈ અભિયાન જેવી કલ્ચરલ અને સામાજિક પહેલ કરીને મહેસુલી કર્મચારીઓએ વિરોધ પ્રદર્શનને એક નવો વળાંક આપ્યો છે, ત્યારે હવે આ મુદ્દે સરકાર તરફથી શું સકારાત્મક પગલાં લેવાય છે તેના પર સૌની નજર ટકેલી છે.

# રાજકોટ શહેરની સુંદરતા પર ગેરકાયદે બોર્ડ-બેનરોનું સામ્રાજ્ય

## નોટિસ તો માત્ર શોભાના ગાંઠિયા, હવે આકરા દંડ અને કડક કાનૂની કાર્યવાહીની તાતી જરૂરિયાત

રાજકોટ, તા. ૮

રાજકોટના મુખ્ય માર્ગો, ચોક અને ડિવાઈડરો પર પૂર્વ મંજૂરી વિના પોતાના વ્યવસાયના થાંભલે-થાંભલે બોર્ડ ટીંગાડી દેવાની બદી હવે ચિંતાજનક હદે વકરી રહી છે. શહેરની પ્રાકૃતિક અને શહેરી સુંદરતાનો ભોગ લઈ પોતાના ધંધાનો રોટલો શેકતા બેફામ તત્વો સામે અંતે મહાનગરપાલિકાના દબાણ હટાવ વિભાગે લાલ આંખ કરી છે. જાહેર મિલકતોને નુકસાન પહોંચાડીને પોતાના ગેરકાયદેસર બોર્ડ, બેનરો અને પોસ્ટરો ખડકી દેનારા ૧૨ જેટલા આસામીઓને દબાણ હટાવ શાખા દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન કડક નોટિસ ફટકારવામાં આવી છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે જે લોકો સમાજમાં જવાબદાર હોવાનો દાવો કરે છે, તેવા જ નામાંકિત ધંધાર્થીઓ અને સંસ્થાઓ કાયદાનો અનાદર કરવામાં આગળ જણાઈ આવ્યા છે. તંત્રની લાલ આંખનો ભોગ બનેલા આસામીઓમાં




વિશ્વંભરી નવરાત્રી મહોત્સવ ૨૦૨૬, મંડલા ગરબા, જન્નત રેસ્ટોરન્ટ, શાશ્વત હોસ્પિટલ, સિલ્વર સ્ટોન સ્કાય, ધ ગ્રાન્ડ ઠાકર, શ્રીજી દવાખાનું, સ્ટુડિયો ટી-૧૧, હોટલ હેવન ગ્રીન, ચિકિત્સા, આસ્થા વેન્ટિલા અને વેલકેર ગ્રાફિક્સ જેવા મોટા નામોનો સમાવેશ થાય છે. આ તમામ વ્યવસાયિકોએ મહાનગરપાલિકાના નિયમોને નેવે મૂકીને પોશ વિસ્તારોના સર્કલો, પોલ અને ડિવાઈડરો પર પોતાના પ્રચાર સાહિત્યનો કચરો ખડકી દીધો હતો.

મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કાર્યવાહી માત્ર મંજૂરી વગરના પ્રચારને અટકાવવા પૂરતી સીમિત નથી, પરંતુ રસ્તાઓની શોભા બગાડતા અને જાહેર મિલકતોને નુકસાન પહોંચાડતા કૃત્યો સામેનું આકરું કદમ છે. આ પ્રકારના અનધિકૃત બોર્ડ-બેનરોને લીધે માત્ર શહેરનો દેખાવ બેહૂદો નથી બનતો, પરંતુ વાહનચાલકોનું ધ્યાન ભટકતાં અકસ્માતનું જોખમ પણ સતત તોળાયેલું રહે છે. દબાણ હટાવ વિભાગ દ્વારા સ્પષ્ટ તાકીદ કરવામાં આવી છે કે આગામી દિવસોમાં પણ આ ઝુંબેશ સઘન બનાવાશે અને કોઈપણ પ્રકારના અનધિકૃત પ્રચાર સાહિત્યને સાંખી લેવાશે નહીં.

જોકે, સ્થાનિક નાગરિકોમાં એવી ચર્ચા પણ જોર પકડી રહી છે કે માત્ર કાગળ પરની નોટિસો આપીને સંતોષ માનવાને બદલે આવા કાયદાનો અનાદર કરનારાઓ સામે આકરો આર્થિક દંડ ફટકારવો જોઈએ. જો તંત્ર માત્ર નોટિસો આપીને રોકાઈ જશે તો આવા ધંધાર્થીઓ બેફામ બનીને ફરી શહેરના મોકાના સ્થળોને પોતાના જાહેરાતના અડ્ડા બનાવી દેશે, જેથી હવે તંત્ર દ્વારા ત્વરિત અને દાખલારૂપ દંડાત્મક પગલાં લેવાય તે સમયની માગ છે.


# ગરબા રસિકો માટે ટ્રાફિકનું 'ગ્રહણ'

## કટારિયા ચોકડીએ ચક્કાજામની ભીતિ વચ્ચે કોંગ્રેસ મેદાને : ટ્રાફિક જામ થાય તે પહેલાં આગોતરા આયોજન માટે રજૂઆત

રાજકોટ, તા. ૮

રંગીલા રાજકોટવાસીઓ જે પર્વની આખા વર્ષ દરમિયાન આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે તે નવરાત્રીનો મહાઉત્સવ હવે આંગણે આવીને ઊભો છે. જોકે, આ વર્ષે ખેલૈયાઓના ઉત્સાહ પર વાહનવ્યવહારની વિકટ સમસ્યાનું ગ્રહણ લાગે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા કાલાવડ રોડ અને રિંગ રોડ-૨ ને જોડતી કટારિયા ચોકડી ખાતે હાલ મલ્ટી-લેવલ ઓવરબ્રિજની કામગીરી પૂર્ણ ઝડપે ચાલી રહી છે, જેના કારણે મુખ્ય માર્ગો બંધ કરીને વાહનવ્યવહારને સાંકડા ડાયવર્ઝન રૂટ પર વાળવામાં આવ્યો છે. સામાન્ય દિવસોમાં પણ જ્યાં પીક અવર્સ દરમિયાન ટ્રાફિકની જટિલ સમસ્યા સર્જાય છે, ત્યાં નવરાત્રીની રાતોમાં પરિસ્થિતિ બેકાબૂ બનવાની ભીતિ છે. આ જ રૂટ પર રાજકોટના સૌથી (પત્ત અને ખ્યાતનામ ૧૦થી વધુ ગરબા મહોત્સવો યોજાનાર હોવાથી રાત્રિના સમયે એકસાથે દસ હજારથી વધુ ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનો રસ્તા પર ખાબકશે. આ સંભવિત 'ટ્રાફિક બોમ્બ' વિસ્ફોટ કરે તે પહેલાં જ જનહિતમાં આગોતરું આયોજન સુનિશ્ચિત કરવા માટે કોંગ્રેસના યુવા આગેવાન રોહિતસિંહ રાજપૂતની આગેવાની હેઠળ એક પ્રતિનિધિમંડળે રાજકોટ શહેર ટ્રાફિક વિભાગના ઉઠ્ઠને રૂબરૂ મળીને ધારદાર રજૂઆત કરી છે.

કોંગ્રેસના આગેવાનોએ ટ્રાફિક વિભાગનું ધ્યાન દોરતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, કટારિયા ચોકડી નજીક નિર્માણાધીન બ્રિજને કારણે હાલમાં જે ડાયવર્ઝન આપવામાં આવ્યા છે તે સામાન્ય વાહનવ્યવહાર માટે પણ અપૂરતા સાબિત થઈ રહ્યા છે. નવરાત્રી દરમિયાન રાજકોટના ખૂણે-ખૂણેથી હજારો ગરબા રસિકો મોડી સાંજે એકસાથે આ વિસ્તારો તરફ પ્રયાણ કરશે અને મધ્યરાત્રિએ ગરબા પૂર્ણ થતાં જ તમામ વાહનો એકસાથે પરત ફરશે. આવા સંજોગોમાં ડાયવર્ઝન રૂટ પર વાહનોની ગતિ સાવ ધીમી પડી જશે અને બોટલનેક સર્જાતા




કિલોમીટરો લાંબી વાહનોની કતારો લાગી જશે. ભૂતકાળના અનુભવો દર્શાવે છે કે ટ્રાફિક જામ થઈ ગયા પછી પોલીસ તંત્ર દોડધામ કરતું હોય છે, પરંતુ આ વખતે 'ટ્રાફિક જામ થયા પછીની વ્યવસ્થા' કરવાને બદલે 'ટ્રાફિક જામ થાય જ નહીં' તેવું અગમચેતી ભર્યું પૂર્વ આયોજન અત્યારથી જ અમલી બનાવવું અનિવાર્ય છે.

આ રજૂઆતમાં કાલાવડ રોડ અને રિંગ રોડ-૨ પર યોજાનારા તમામ મોટા ગરબા આયોજનોની ટ્રાફિકની દ્રષ્ટિએ ગંભીરતા સમજીને દરેક સ્થળનું ટેકનિકલ 'ટ્રાફિક ઓડિટ' કરવાની માંગ કરવામાં આવી છે. જે અંતર્ગત આયોજન સ્થળે અંદાજે કેટલા વાહનો આવશે, તેમની પાર્કિંગ ક્ષમતા કેટલી છે, વાહનોની એન્ટ્રી અને એક્ઝિટ કયા રસ્તેથી રાખવામાં આવશે તથા પ્રોગ્રામ પૂરો થયા બાદ વાહનો કઈ દિશામાં ડાયવર્ટ થશે તેની ચોક્કસ રૂપરેખા અગાઉથી નક્કી કરવા ભાર મૂકાયો છે. આ ઉપરાંત, કટારિયા ચોકડી ડાયવર્ઝન માર્ગ પર આવેલી હોટલો, રેસ્ટોરન્ટ્સ, ચાની કિટલીઓ અને અન્ય વ્યાપારિક એકમોના ગ્રાહકો દ્વારા રસ્તા પર જ કરવામાં આવતા વાહન પાર્કિંગ સામે પણ કડક ઝુંબેશ ચલાવવાની માંગ કરાઈ છે, કારણ કે રોડ સાઈડ પાર્કિંગના કારણે ડાયવર્ઝન રૂટની ક્ષમતા વધુ ઘટી જાય છે.

ઉલ્લેખનીય છે કે આ ક્ષેત્રમાં 'નવમ' (સરાઝા હોટેલ), 'રાસ વિલા' (ડ્રાઇવ ઇન સિનેમા), 'ખત્રક્ષ' (સીઝન્સ હોટેલ), 'તાલ' (મોમેન્ટ્સ પાર્ટી પ્લોટ), 'કાલરાત્રી' (ફિનિક્સ સામે), 'અઉ' (રિંગ રોડ-૨), 'નવરાત' (વિશ્વા પાર્ટી પ્લોટ), 'ઝટ', 'ખોડલધામ' અને 'અત્રક્ષ' જેવા ગ્રાન્ડ લેવલના નવરાત્રી આયોજનો થવાના છે. આ સંકલિત વિસ્તારમાં લાખો લોકોની અવરજવર રહેવાની હોવાથી ટ્રાફિક ઉચ્ચ અધિકારીઓ દ્વારા નવરાત્રી પૂર્વે જ સમગ્ર ડાયવર્ઝન રૂટનું સ્થળ પર રૂટ પરીક્ષણ (સ્પોર્ટ નિરીક્ષણ) કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. જ્યાં જરૂર જણાય ત્યાં અગાઉથી જ પ્રોપર બેરીકેટિંગ, દિશા દર્શાવતા રેડિયમ સાઇનેજ બોર્ડ, ટેમ્પરરી સ્ટોપ પોઇન્ટ્સ અને જરૂર પડે તો પરિસ્થિતિ અનુસાર અમલી બનાવી શકાય તેવા વન-વે રૂટની જાહેરાત અગાઉથી જ કરી દેવી જોઈએ.

# કોકરોચ કમઠાણ

## મુદ્દો એક, વિપક્ષમાં સૂર બે : કોંગ્રેસ સામે નવી ધરી તૈયાર



મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે દિલ્હીના જંતરમંતર ખાતે વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ચૂક્યા છે. આ આંદોલનની આગેવાની એક તરફ કોંગ્રેસ પક્ષ લઈ રહ્યો છે, તો બીજી તરફ અભિજીત દીપકેની આગેવાનીમાં 'કોકરોચ જનતા પાર્ટી'એ પણ વગર પરવાનગીએ જંતરમંતર પહોંચવાની તૈયારીઓ સાથે આ લડતમાં ઝંપલાવ્યું છે. ''સત્તા તમારી, પણ સડક અમારી''ના આક્રમક નારા સાથે સત્તાધારી પક્ષ સામે વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. જોકે, આ આખા ઘટનાક્રમનું સૌથી મોટું પાસું એ છે કે બંને પક્ષોની માંગ અને મુદ્દો એક હોવા છતાં, તેમની લડત અને રણનીતિ સાવ અલગ છે.

કેન્દ્રમાં બેઠેલા મજબુત શાસક સામે સફળતા મેળવવા માટે સમગ્ર વિપક્ષી એકતા અને સંયુક્ત મોરચો અનિવાર્ય માનવામાં આવે છે. પરંતુ, દિલ્હીની આ લડતમાં કોંગ્રેસ સામે એક નવી જ વિપક્ષી ધરી આકાર લેતી હોય તેમ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. નાના અને ક્ષેત્રીય પક્ષો હવે કોંગ્રેસના નેતૃત્વ કે પરંપરાગત વિરોધ પ્રદર્શનના છત્ર હેઠળ રહેવાને બદલે પોતાની સ્વતંત્ર અને આક્રમક ઓળખ સાથે જનતા વચ્ચે જવાનું પસંદ કરી રહ્યા છે.

મુદ્દો એક જ હોવા છતાં વિપક્ષમાંથી બે અલગ-અલગ સૂર ઊઠવા એ સાબિત કરે છે કે વિપક્ષી શિબિરમાં આંતરિક અસંતોષ અને નેતૃત્વની ખેંચતાણ ચાલી રહી છે. જ્યારે શાસક પક્ષ સામે સામૂહિક તાકાત દર્શાવવાની જરૂર હોય છે, ત્યારે વિપક્ષનું આ વિભાજન આંદોલનની ધારને અંશતઃ નબળી પાડી શકે છે. બીજી તરફ, આ પરિસ્થિતિ એ વાતનો સંકેત પણ આપે છે કે જમીની સ્તરે કાર્યકરો અને જનતા હવે પરંપરાગત રાજનીતિથી અલગ નવા રાજકીય વિકલ્પો તરફ પણ જોઈ રહ્યા છે.

આ સ્થિતિ દર્શાવે છે કે નજીકના ભવિષ્યમાં રાષ્ટ્રીય રાજનીતિમાં નવા રાજકીય સમીકરણો બને તેવી પૂરી સંભાવના છે. જો નવી આકાર લઈ રહેલી ધરીઓ મજબૂત વિરોધ ઊભો કરવામાં સફળ રહેશે, તો આગામી દિવસોમાં દેશના વિપક્ષી રાજકારણનું નેતૃત્વ અને ગઠબંધનોનું ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ શકે છે. આમ આદમી પાર્ટી અને તેમાંથી છૂટા પડેલા નેતાઓ પડદા પાછળ રહીને નવો વિપક્ષી પ્રવાહ સર્જી રહ્યા હોય તેમ લાગે છે. વિપક્ષમાં આંતરિક વિખવાદ રહે તે બાબત શાસક માટે આશીર્વાદરુપ ગણાય.

# રાહુલ ગાંધીનું આશ્ચર્યજનક રાજકારણ

## ત્રણ મહિનામાં ૪ વખત પોલીસને આશ્ચર્યચકિત કરી, રણનીતિ પાછળ કોણ?



નવીદિલ્હી, તા. ૮

રાહુલ ગાંધીની આશ્ચર્યજનક રાજનીતિ આ દિવસોમાં દિલ્હી પોલીસને પરસેવો પાડી રહી છે. જુલાઈથી, ચાર વખત રાહુલ ગાંધી પોલીસથી બચીને વિરોધ પ્રદર્શનો કરી રહ્યા છે અને મીડિયાના પ્રકાશમાં રહ્યા છે. રાહુલની આશ્ચર્યજનક રાજનીતિનું ઉદાહરણ એ હકીકતમાં જોઈ શકાય છે કે કોંગ્રેસ અને અખિલ ભારતીય ગઠબંધનના નેતાઓ છેલ્લી ઘડી સુધી તેમની રણનીતિથી અજાણ રહ્યા. જ્યારે રાહુલ ગાંધી સાગર રત્ન હોટેલમાં કોંગ્રેસના નેતાઓ સાથે લંચ માટે ગયા હતા, ત્યારે સમાજવાદી પાર્ટીને છેલ્લી ઘડીએ તેની જાણ થઈ હતી, જેના પરિણામે સપા સાંસદો હાજર રહી શક્યા ન હતા. જુલાઈ ૨૦૨૬ માં, સોનમ વાંગચુકના નેતૃત્વમાં કોકરોચ પાર્ટીએ તત્કાલીન શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. આ વિરોધ જુલાઈના મધ્યમાં ચરમસીમાએ પહોંચ્યો હતો. ૨૧ જુલાઈના રોજ સંસદ અકાળે મુલતવી રાખવામાં આવી હતી.

મુલતવી રાખ્યા પછી, રાહુલ ગાંધી, તેમના કેટલાક સાંસદો સાથે, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના નિવાસસ્થાને ગયા. તે દિવસે ખડગેનો જન્મદિવસ પણ હતો, પરંતુ તેમણે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જના વિરોધમાં કેક કાપવાનો ઇનકાર કર્યો હતો. રાહુલ પછી ખડગે અને પ્રિયંકા સાથે તેમના નિવાસસ્થાનથી નીકળી ગયા. થોડે દૂર ચાલ્યા પછી, રાહુલ સીધા પીએમ નિવાસસ્થાનના પાછળના દરવાજા પર ગયા અને બેસી ગયા. રાહુલના આશ્ચર્યજનક રાજકીય પગલાથી દિલ્હી પોલીસથી લઈને કેન્દ્રીય ગૃહ મંત્રાલય સુધી બધાને આશ્ચર્ય થયું.

વડા પ્રધાન જિતેન્દ્ર સિંહ અને કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન તરત જ રાહુલને મળવા આવ્યા, પરંતુ તેમણે તેમની શરતોથી હટવાનો ઇનકાર કર્યો. લગભગ છ કલાકની જહેમત પછી, રાહુલને પીએમ નિવાસસ્થાનથી દૂર કરવામાં આવ્યા. એવું કહેવાય છે કે ફક્ત પ્રિયંકા ગાંધી અને તેમના કેટલાક નજીકના નેતાઓ જ પીએમ નિવાસસ્થાનની બહાર રાહુલ ગાંધીના વિરોધ પ્રદર્શનથી વાકેફ હતા. અખિલ ભારતીય ગઠબંધનમાં બીજા ક્રમના સૌથી મોટા પક્ષ સમાજવાદી પાર્ટી (SP) ના વડા અખિલેશ યાદવ અંધાધૂંધી વચ્ચે પછી જ વિરોધ સ્થળ પર પહોંચ્યા.

૧૫ ઓગસ્ટની આસપાસ, ભાજપે વંદે માતરમનો મુદ્દો ઉઠાવવાનું શરૂ કર્યું. આ મુદ્દામાં ફસાયેલા, રાહુલ ગાંધી ૨૧ ઓગસ્ટના રોજ સાહિલ લોચવ સાથે દિલ્હીના સંસદ માર્ગ પોલીસ સ્ટેશન પહોંચ્યા. સાહિલ લોચવ હરિયાણાના રહેવાસી છે. જુલાઈમાં દિલ્હીમાં એક વિરોધ પ્રદર્શન દરમિયાન તેમના પર પેલેટ ગનથી હુમલો કરવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીના મતે, પોલીસ સાહિલની FIR નોંધી રહી ન હતી. ત્યારબાદ, રાહુલ ગાંધીએ લાંબા સમય સુધી પોલીસ સાથે દલીલ કરી. અંતે, તેમના આગ્રહથી, સાહિલની FIR નોંધવામાં આવી. રાહુલે આ દિવસે લગભગ સાત કલાક સુધી તેમનો વિરોધ ચાલુ રાખ્યો.

૬ ઓક્ટોબરના રોજ, રાહુલ ગાંધી, અખિલ ભારતીય ગઠબંધનના નેતાઓ સાથે, ચૂંટણી પંચ કાર્યાલય તરફ કૂચ કરવા માટે સંસદ ભવન સંકુલથી નીકળ્યા. થોડા સમય પછી, પોલીસે તેમને બળજબરીથી વાનમાં બેસાડી દીધા. જ્યારે રાહુલ વાનમાં મુસાફરી કરી રહ્યા હતા, ત્યારે તેમણે પ્રિયંકા ગાંધીને આકાશવાણી ભવનની સામે ઇશારો કર્યો. ત્યારબાદ ભાઈ-બહેનો ત્યાંથી નીકળી ગયા અને આકાશવાણી ભવનમાં પ્રવેશ્યા. આકાશવાણી ભવનના પાછળના દરવાજાથી ચૂંટણી પંચ કાર્યાલય સરળતાથી પહોંચી શકાય તેવું હતું.

## તેલના ભાવ પણ ટૂંક સમયમાં ઘટશે : ટ્રમ્પ

# ઈરાન-US યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થશે



નવીદિલ્હી, તા. ૮

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ઈરાન સાથેનું યુદ્ધ ''ખૂબ જ ટૂંક સમયમાં'' સમાપ્ત થશે. તેમણે દાવો કર્યો કે તેલના ભાવ પણ ''ઝડપથી ઘટશે''. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકાએ ઈરાનના પરમાણુ શસ્ત્રોનો નાશ કરી દીધો છે. સાન એન્ટોનિયોમાં રિપબ્લિકન ચૂંટણી પ્રચાર રેલી માટે વોશિંગ્ટનથી નીકળતી વખતે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, ''આપણે જે કરવાનું છે તેના દ્રષ્ટિકોણથી, આ યુદ્ધ છે. આપણે ઈરાનના પરમાણુ શસ્ત્રોથી છૂટકારો મેળવવો પડશે. આપણે તેમના પરમાણુ શસ્ત્રોનો નાશ કરી દીધો છે. જો તેમની પાસે પરમાણુ શસ્ત્રો હોત, તો તમારે એવી સમસ્યાઓનો સામનો કરવો પડત જેનો તમે પહેલાં ક્યારેય સામનો કર્યો ન હોત.''

ટ્રમ્પે કહ્યું, ''અત્યારે તેમનો આખો દેશ નાશ પામ્યો છે. તે ખૂબ જ ઝડપથી સમાપ્ત થઈ જશે, અને જ્યારે આવું થશે, ત્યારે તેલના ભાવ ઝડપથી ઘટશે.'' ઈરાની સરકારના પ્રવક્તા ફાતેમેહ મોહજેરાનીએ ટ્રમ્પના દાવાને ખોટો ગણાવ્યો છે. ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાનના તેલ મંત્રીએ યુએસ યુદ્ધના ડરથી રાજીનામું આપ્યું હતું. જવાબમાં, પ્રવક્તાએ કહ્યું કે ટ્રમ્પ પોતાની નિષ્ફળતાઓ છુપાવવા માટે આવા પાયાવિહોણા દાવા કરી રહ્યા છે. પ્રવક્તા મોહજેરાનીએ કહ્યું કે તેલ મંત્રીનું રાજીનામું ''નબળાઈની નિશાની નથી'', પરંતુ સ્થિર રાજકીય વ્યવસ્થામાં સ્થિતિસ્થાપકતાનું ઉદાહરણ છે. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે ઈરાન પોતાનો બચાવ કરવા તૈયાર છે, પરંતુ વાતચીત દ્વારા આ મુદ્દાનો ઉકેલ લાવવા માંગે છે. આ માટે, ઈરાને ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રની બેઠક દરમિયાન અમેરિકા સમક્ષ એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવ હેઠળ, તેમણે તણાવ ઘટાડવા અને હોર્મુઝ સ્ટ્રેટને ફરીથી ખોલવા માટે સાત દિવસની શાંતિ યોજના રજૂ કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે ઈરાન સાથેનું યુદ્ધ ''ખૂબ જ ઝડપથી'' સમાપ્ત થશે અને તેલના ભાવમાં તીવ્ર ઘટાડો થશે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે અમેરિકાની કાર્યવાહી ઈરાનની પરમાણુ શક્તિનો નાશ કરશે.

# દુષ્ટતા સામે ઊભા રહેનારા ક્રાંતિકારી

## પીએમ મોદીએ અભિનેતા નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપી



નવીદિલ્હી, તા. ૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ૧૦મા ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસમાં સંબોધન દરમિયાન મહાન અભિનેતા નાના પાટેકરને શ્રદ્ધાંજલિ આપી. પ્રધાનમંત્રીએ કહ્યું, ''આજે સવારે સમાચાર આવ્યા કે પ્રખ્યાત અભિનેતા નાના પાટેકર હવે આપણી વચ્ચે નથી. તેઓ એક તેજસ્વી કલાકાર હતા જેમણે પોતાની વિવિધ ભૂમિકાઓ દ્વારા પ્રેક્ષકોના દિલ જીતી લીધા.'' પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, ''નાના પાટેકરનું જીવન ભારતીય ધ્વજના સન્માન અને ગૌરવ માટે સમર્પિત હતું. તેઓ કોઈપણ બંધનો વિના જીવ્યા. તેઓ ફિલ્મોના આકાશમાં પક્ષીની જેમ ઉડ્યા. તેમણે પોતાની ફિલ્મો દ્વારા પ્રવર્તમાન સામાજિક વ્યવસ્થાની તીવ્ર ટીકા કરી. તેઓ એક ક્રાંતિકારી હતા જેમણે દુષ્ટતા સામે લડત આપી. તેમના શબ્દો તેમના મૌન જેટલા શક્તિશાળી હતા. તેઓ રાષ્ટ્રવિરોધીઓને કાબૂમાં રાખવાના સતત હિમાયતી હતા.''

પ્રધાનમંત્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, ''નાના પાટેકરના અભિનયના લક્ષણો, તેમની જબરદસ્ત ઉર્જા અને તેમનું પ્રભાવશાળી વ્યક્તિત્વ એવા ગુણો છે જે બહુ ઓછા કલાકારોમાં જોવા મળે છે. નાના પાટેકરમાં જ્વાળામુખી પ્રતિભા અને સર્જનાત્મકતા હતી, જે તેમના પાત્રોમાં સ્પષ્ટપણે સ્પષ્ટ હતી.'' તેમણે રૂપેરી પડદા પર યાદગાર પાત્રો ભજવ્યા જે હંમેશા આપણી યાદોમાં કોતરાયેલા રહેશે. તેઓ તેમના સ્પષ્ટવક્તા અને સ્પષ્ટ વિચારસરણી માટે જાણીતા હતા, અને આ તેમની ઓળખ હતી. નાના પાટેકરે જે કંઈ જોયું તેના પર તેમના વિચારો સ્પષ્ટ અને અસરકારક રીતે વ્યક્ત કર્યા. હિન્દી અને મરાઠી સિનેમામાં નાના પાટેકરનું યોગદાન ખરેખર અમૂલ્ય છે. તેમના નિધનથી એક એવી ખાલી જગ્યા પડી ગઈ છે જે ક્યારેય ભરી શકાતી નથી. અમે તેમના પરિવાર, પ્રિયજનો અને અસંખ્ય ચાહકો સાથે તેમના દુઃખમાં ઉભા છીએ.

વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ અભિનેતા નાના પાટેકરના નિધન પર શોક વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, ''તેમના અભિનય અને પાત્રો દ્વારા, તેમણે ભારતીય સિનેમા પર અને દર્શકોના હૃદયમાં એક અમીટ છાપ છોડી છે. આ દુઃખના સમયમાં મારા શોકગ્રસ્ત પરિવાર, મિત્રો અને સમર્થકો સાથે મારી ઊંડી સંવેદના છે.'' પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૭૫ વર્ષીય અભિનેતા નાના પાટેકરને તેમના નિધન પર શ્રદ્ધાંજલિ આપી. પીએમ મોદીએ કહ્યું કે તેમનું જીવન માત્ર અભિનય માટે જ નહીં પરંતુ રાષ્ટ્રધ્વજ માટે પણ સમર્પિત હતું.

# એલોન મસ્કના આરોપો પાયાવિહોણા

## સરકારે કહ્યું સ્ટારલિંક, જિયો અને વનવેબે GMPCS માટે સમાન લાઈસન્સિંગ અને સુરક્ષા મૂલ્યાંકન પ્રક્રિયામાંથી પસાર થવું પડશે

નવીદિલ્હી, તા. ૮

ભારતમાં સ્ટારલિંકના લોન્ચમાં વિલંબ અંગે સ્પેસએક્સના સીઈઓ એલોન મસ્કના આરોપોનો કેન્દ્ર સરકારે જવાબ આપ્યો છે. સંદેશાવ્યવહાર મંત્રાલયે મસ્કના દાવાને ફગાવી દીધો કે ભારતમાં કેટલાક મોટા વ્યવસાયિક જૂથો દ્વારા સ્ટારલિંકને અવરોધવામાં આવી રહ્યો છે. સરકારે આ આરોપોને પાયાવિહોણા અને ગેરમાન્યતા પર આધારિત ગણાવ્યા. મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતમાં સેટેલાઇટ કોમ્યુનિકેશન સહિત તમામ ટેલિકોમ્યુનિકેશન સેવાઓ માટે એક વાજબી અને બિન-ભેદભાવપૂર્ણ અધિકૃતતા માળખું અમલમાં છે. કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, આ માળખા હેઠળ, ત્રણ કંપનીઓને ગ્લોબલ મોબાઇલ પર્સનલ કોમ્યુનિકેશન બાય સેટેલાઇટ (GMPCS) સેવાઓ માટે લાઇસન્સ આપવામાં આવ્યા છે. ભારતમાં ઝ્રૐઈજ સેવાઓ માટે લાઇસન્સ પ્રાપ્ત ત્રણ કંપનીઓ સ્ટારલિંક સેટેલાઇટ કોમ્યુનિકેશન્સ, જિયો સેટેલાઇટ કોમ્યુનિકેશન્સ અને વનવેબ ઇન્ડિયા કોમ્યુનિકેશન્સ છે. આ ત્રણ કંપનીઓ ટેલિકોમ્યુનિકેશન વિભાગના રેકોર્ડમાં GMPCS અધિકૃતતા સાથે લાઇસન્સધારક તરીકે પણ સૂચિબદ્ધ છે.

સરકાર જણાવે છે કે આ કંપનીઓને લાઇસન્સ આપવાનો હેતુ દેશમાં સેટેલાઇટ કોમ્યુનિકેશન સેવાઓને પ્રોત્સાહન આપવાનો છે, ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં પરંપરાગત ટેલિકોમ નેટવર્ક સુધી પહોંચવું મુશ્કેલ છે. એલોન મસ્કના આરોપો પર કેન્દ્ર સરકારના પ્રતિભાવે સુરક્ષા મૂલ્યાંકનને મુખ્ય મુદ્દા તરીકે પ્રકાશિત કર્યું છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, લાઇસન્સ પ્રાપ્ત કર્યા પછી પણ, કંપનીઓએ



ફરજિયાત સુરક્ષા આવશ્યકતાઓનું પાલન કરવું આવશ્યક છે. આનો હેતુ સેટેલાઇટ સેવાઓ અને વપરાશકર્તા ડેટા સ્થાપિત સુરક્ષા ધોરણોને પૂર્ણ કરે છે તેની ખાતરી કરવાનો છે. સરકારના મતે, ત્રણેય લાઇસન્સધારકોના સુરક્ષા મૂલ્યાંકન હાલમાં ચાલુ છે અને તેઓ લગભગ સમાન નિયમનકારી તબક્કામાં છે. તેથી, તે દલીલ કરે છે કે સમગ્ર નિયમનકારી માળખાને ભેદભાવપૂર્ણ તરીકે લેબલ કરવું હકીકતમાં અચોક્કસ છે. સરકારે એ પણ સ્પષ્ટતા કરી છે કે લાઇસન્સધારકનું સુરક્ષા મૂલ્યાંકન પૂર્ણ થયા પછી, તે આગામી સ્પેક્ટ્રમ ફાળવણી પ્રક્રિયા માટે અરજી કરી શકે છે. આનો અર્થ એ છે કે લાઇસન્સ મેળવવું એ ભારતમાં સેટેલાઇટ ઇન્ટરનેટ સેવાઓ શરૂ કરવા માટે અંતિમ મંજૂરી નથી. સુરક્ષા ધોરણોને પૂર્ણ કરવા અને ત્યારબાદ સ્પેક્ટ્રમ ફાળવણી પ્રક્રિયા પણ આવશ્યક છે.

ખરેખર, એલોન મસ્કે એક દિવસ પહેલા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ભારતમાં સ્ટારલિંકના લોન્ચમાં વિલંબ અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો હતો કે ''કેટલાક ઓલિગાર્ક'' ભારતમાં સ્ટારલિંકને અવરોધિત કરી રહ્યા છે અને બજાર પર તેમનું નિયંત્રણ જાળવી રાખવા માંગે છે. મસ્કે આને ભારતીય ગ્રાહકોના હિતોની વિરુદ્ધ ગણાવ્યું હતું. એલોન મસ્કના નિવેદન બાદ, ભારત સરકારે પ્રતિક્રિયા આપી છે. સ્ટારલિંક ભારતમાં ઝ્રૐઈજ લાઇસન્સ ધરાવે છે, પરંતુ કંપનીએ વ્યાપારી સેવાઓ શરૂ કરવા માટે અન્ય નિયમનકારી પ્રક્રિયાઓ પૂર્ણ કરવાની જરૂર છે. સરકારનું કહેવું છે કે સુરક્ષા મૂલ્યાંકન પૂર્ણ થયા પછી અને ત્યારબાદ સ્પેક્ટ્રમ ફાળવણી પ્રક્રિયા શરૂ થયા પછી જ તે સેવાઓ શરૂ કરવા માટે આગળ વધી શકશે. કેન્દ્ર સરકાર સ્પષ્ટપણે દલીલ કરે છે કે ઉંશજ્ઞ અને ઘક્ષયક્ષબ સ્ટારલિંકની સાથે સમાન સુરક્ષા તપાસમાંથી પસાર થઈ રહ્યા હોવાથી, આ પ્રક્રિયાને કોઈ એક કંપનીને લક્ષ્ય બનાવતી ન જોઈ શકાય.

વીસ વર્ષની ત્યકતા પૌત્રીને ગામનો જ કિશન નામનો શખ્સ ભગાડી જતાં તેના ઘરે દાદા સહિતના પરિવારજનો પૂછા કરવા ગયા ને લોહી રેડાયું

# પૌત્રીને ભગાડી જવાના ડખ્ખામાં દાદાની હત્યા

## ભગાડી જનારા શખ્સના પિતા, કાકા, ભાઇઓ સહિતના આઠ જણાએ લાકડી-ધોકા ફટકારી ઢીમ ઢાળી દીધું: બીજા બે લોકોને ઇજા વાંકાનેરના ખાનપરની ઘટનામાં વૃધ્ધે રાજકોટમાં દમ તોડી દીધો: વાંકાનેર તાલુકા પોલીસે આઠ જણા સામે દાખલ કરી એફઆઇઆર

રાજકોટ, તા. ૮

હત્યાની વધુ એક ઘટનામાં એક પરિવારે મોભી ગુમાવ્યા હતાં. ઘટના મોરબીના વાંકાનેર તાબેના ખાનપર ગામે બની હતી. અહિ વીસ વર્ષની એક ત્યકતાને ગામનો જ એક શખ્સ વહેલી સવારે ભગાડી જતાં રાતે તેણીના દાદા, કાકા, પિતા સહિતના લોકો આ શખ્સના ઘરે પહોંચ્યા હતાં અને તેના પિતા સહિતને પૂછા કરતાં બોલચાલી થતાં ભગાડી જનાર શખ્સના પિતા સહિતના આઠ જણા લાકડી, ધોકા, કડાથી તૂટી પડતાં વૃધ્ધનું ઢીમ ઢળી ગયું હતું. જ્યારે તેમના દિકરા સહિત બે જણાને ઇજા થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો વાંકાનેરના ખાનપર ગામે રહેતાં પાંસઠ વર્ષના કોળી વૃધ્ધ સગરામભાઇ સામતભાઇ સરવૈયાની હત્યાની ઘટના બનતાં ચકચાર મચી ગઇ હતી. ગામના જ આઠ શખ્સોએ મંડળી રચી ધોકા-લાકડી-હાથમાં પહેરવાના કડાથી હુમલો કર્યો હતો. વૃધ્ધને માથામાં ફટકો લાગી જતાં જીવલેણ નીવડ્યો હતો. આ વૃધ્ધની પૌત્રી હેતલ જેના બે મહિના પહેલા જ છુટાછેડા થયા છે તેને ખાનપરાના દેવાભાઇ કોળીનો દિકરો કિશન સવારે ભગાડી ગયો હોઇ આ બાબતે સગરામભાઇ, તેમના દિકરા સહિતના લોકો દેવાભાઇના ઘરે રાતે પુછતાછ કરવા જતાં ટોળકી રચી હુમલો કરાયો હતો. જેમાં બીજા ત્રણેક લોકોને ઇજા પહોંચી હતી. વાંકાનેરના ખાનપરમાં રહેતા સગરામભાઇ સામતભાઇ સરવૈયા નામના વૃધ્ધ ઉપર રાતે ગામમાં જ હુમલો થતાં ગંભીર ઇજા થતાં વાંકાનેરથી વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં.

પરંતુ અહિ તેમણે દમ તોડી દીધો હતો. આ બનાવમાં વાંકાનેર તાલુકા પોલીસે હત્યાનો ભોગ બનેલા સગરામભાઇ સામતભાઇ સરવૈયાના પુત્ર હેમુભાઇ સગરામભાઇ સરવૈયાની ફરિયાદ પરથી ખાનપર ગામમાં જ રહેતાં દેવા ઉકાભાઇ મકવાણા-કોળી, કિરણભાઇ દેવા મકવાણા, વિપુલ દેવા મકવાણા, રાજુ છના મકવાણા, મનસુખ છના મકવાણા, ભરત મનસુખ મકવાણા, વિરમ મનસુખ મકવાણા અને જેમા સોમા મકવાણા વિરૂધ્ધ ટોળકી રચી લાકડી-ધોકા-હાથમાં પહેરવાના કડાથી હુમલો કરી સગરામભાઇને બેફામ માર મારી મોત નિપજાવવાનો અને હેમુભાઇ સહિતનાઓને માથામાં લાકડીના ઘા ફટકારી ઢીકાપાટા મારવાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા દોડધામ શરૂ કરી હતી.

વધુ માહિતી અનુસાર હેમુભાઇ ખાનપર ગામે પરિવાર સાથે રહે છે અને ગામમાં શ્રીખોડીયાર પાન નામે દુકાન ચલાવે છે. હત્યાનો ભોગ બનેલા તેના






પિતાજી સગરામભાઇ સરવૈયા નિવૃત જીવન જીવતાં હતાં. હેમુભાઇના માતાનું નામ હીરૂબેન છે. સગરામભાઇને સંતાનમાં બે દિકરા અને દિકરી છે. જેમાં મોટા સુરેશભાઇને ચાર સંતાન છે. જેમાંથી મોટી દિકરી હેતલ જે વીસ વર્ષની છે તેણીના લગ્ન સાત મહિના પહેલા વાંકાનેરના ખાખરાથરના યુવાન સાથે થયા હતાં. પણ બે મહિના પહેલા જ તેણીના છુટાછેડા થઇ ગયા હતાં. બુધવારે સવારે સુરેશભાઇસગરામભાઇ સરવૈયાની દિકરી હેતલે ઘરે હાજર ન મળી આવતાં પરિવારે શોધખોળ શરૂ કરી હતી.

હેતલના લગ્ન બાદ આજેથી ચારેક મહિના પહેલા તેણી ખાનપરના કિશન દેવાભાઇ મકવાણા સાથે પકડાઇ હતી. આથી તેના બે મહિના અગાઉ છુટાછેડા કરી નખાયા હતાં. સવારે તેઘરમાંથી ગાયબ હોઇ તેને કિશન મકવાણા ભગાડી ગયાનું લાગતાં હેમુભાઇ સહિતના પરિવારજનો દેવાભાઇને ત્યાં કિશન વિશે તપાસ કરવા ગયા હતાં. પરંતુ સવારે કિશનના ઘરે કોઇ મળી આવ્યું નહોતું અને રસ્તામાં મળેલા તેના પિતા દેવાભાઇએ પણ કિશન કે હેતલ બાબતે કોઇ યોગ્ય જવાબ આપ્યો નહોતો. ત્યારબાદ ગત રાત્રિના આશરે દશેક વાગ્યાના સુમારે હેમુભાઇ સરવૈયા, તેમના પિતાજી સગરામભાઇ સામતભાઇ સરવૈયા, મોટાભાઇ સુરેશભાઇ, મોટા બાપુના પુત્રો ગોરધનભાઇ પોપટભાઇ સરવૈયા, જેસાભાઇ પ્રમજીભાઇ સરવૈયા, મેઘાભાઇ પ્રેમજીભાઇ સરવૈયા તથા ફોઇના દીકરા રઘાભાઇ ઘનાભાઇ ડાભી (રહે. સરધારકા) એકઠા થઇને કિશનના ઘરે હેતલ બાબતે પૂછપરછ કરવા ગયા હતા.

તે સમયે ત્યાં કિશનના પિતા દેવાભાઇ ઉકાભાઇ મકવાણા, કિરણભાઇ દેવાભાઇ મકવાણા, વિપુલભાઇ દેવાભાઇ મકવાણા, રાજુભાઇ છનાભાઇ મકવાણા, મનસુખભાઇ છનાભાઇ મકવાણા, ભરતભાઇ મનસુખભાઇ મકવાણા, વિરમભાઇ મનસુખભાઇ મકવાણા અને જેમાભાઇ સોમાભાઇ મકવાણા હાજર હતા. હેતલ અને કિશન વિશે પુછપરછ કરતાં જ આ લોકો ઉશ્કેરાઇ ગયા હતા અને ગાળો આપી ઝઘડો કરવા લાગ્યા હતા. ઝઘડા દરમિયાન આ તમામ શખ્સો ઘરમાંથી તથા આજુબાજુમાંથી લાકડીઓ અને ધોકાઓ કાઢી આવ્યા હતા અને હુમલો કરી દીધો હતો. જેમાં દેવાભાઇ મકવાણાએ લાકડાનો એક ઘા સગરામભાઇ સરવૈયાના માથાના પાછળના ભાગે મારતાં તેઓ બેભાન થઇ નીચે ઢળી પડ્યા હતા.

જ્યારે રાજુ ભાઇ છનાભાઇએ હેમભાઇને માથામાં લાકડી મારતાં તેઓ લોહીલુહાણ થઇ ગયા હતા. વચમાં છોડાવવા પડેલા રઘાભાઇ ડાભીને પણ દેવાભાઇએ હાથમાં પહેરેલા કડા વડે માથામાં મારતાં માથામાંથી લોહી નીકળવા લાગ્યું હતું. આ સિવાય અન્ય શખ્સોએ ઢીકાપાટુનો માર માર્યો હતો. તે સમયે ગામના અરજણભાઇ બેચરભાઇ સરવૈયાએ વચ્ચે પડી બધાને વધુ મારમાંથી છોડાવ્યા હતા. ઇજાગ્રસ્ત સગરામભાઇ બોલી-ચાલી શકવાની સ્થિતિમાં ન હોઇ તેમને તાત્કાલિક મોટરસાઇકલ અને ત્યારબાદ હેમુભાઇની બ્રેઝા કાર મારફતે વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ માથામાં ગંભીર ઇજા હોવાથી ડોકટરે રાજકોટ અથવા મોરબી લઇ જવા જણાવાતાં ગોરધનભાઇ અને પ્રવીણભાઇ ચતુરભાઇ ૧૦૮ મારફતે સગરામભાઇને રાજકોટ સરકારી હોસ્પિટલ લઇ ગયા હતા.

જ્યાં તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા. બીજી તરફ ઇજાગ્રસ્ત હેમુભાઇ અને રઘાભાઇ વાંકાનેર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પહોંચ્યા ત્યારે પિતાના મોત અંગેની જાણ થઇ હતી. વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર બી. વી. પટેલ, પીએસઆઇ ડી.વી. ખાંભલા સહિતે હેમુભાઇ સરવૈયાની ફરિયાદ પરથી તેના જ ગામના આઠ શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હત્યાનો ભોગ બનેલા સગરામભાઇ ત્રણ ભાઇ અને પાંચ બહેનમાં નાના હતાં. તેમની પૌત્રીને ભગાડી જવાઇ હોઇ આ અંગે ગામના જ દેવાભાઇના દિકરા કિશન પર શંકા હોઇ દેવાભાઇના ઘરે બધા પુછતાછ કરવા જતાં હત્યાની આ ઘટના બની હતી. આ બનાવથી ખાનપર ગામમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. પોલીસે આરોપીઓને શોધવા તજવીજ આદરી હતી.

જેને ગામના ગરીયા જ કરવા છે એને મોંઘવારી કોઇ દિવસ નો નડે : વધુ એક મોટી ઠગાઇ

# બાપ-બેટાએ દીધો ત્રણ કરોડનો ડામ!

## જસદણના ઇમિટેશનના ધંધાર્થી સાથે રાજકોટના અશોક મોલીયા અને તેના બે પુત્રોની છેતરપીંડી: પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી

રાજકોટ તા. ૮

ઠગાઇના રોજબરોજ બની રહેલા કિસ્સાઓ વચ્ચે વધુ એક મસમોટી ઠગાઇનો કિસ્સો રાજકોટ જીલ્લાના જસદણમાં સામે આવ્યો હતો. જેમાં ઇમીટેશનના ધંધામાં મોટા નફાની લાલચ આપી જસદણના વેપારી સાથે ૩.૦૫ કરોડની છેતરપીંડી થઇ હતી. આ મામલે રાજકોટના શખ્સ અને તેના બે પુત્રો વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી.

વિગતો પર નરજ કરીએ તો જસદણ બસ સ્ટેન્ડની સામે કોટડીયા હોસ્પિટલ પાસે વૃદાવંન સોસાયટીમાં રહેતાં તેત્રીસ વર્ષના ભાવિકભાઇ ધીરૂભાઇ હિરપરાએ રાજકોટના અશોક મોહનભાઇ મોલીયા તથા તેના બે પુત્રો નિકુંજ અને પ્રતિક મોલીયા સામે જસદણ પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવી હતી. ફરીયાદમાં જણાવ્યા મુજબ આજથી પાચેક વર્ષ પહેલા મારા મોટા બાપુજીની દિકરી બહેન અંકિતાબે ન વા/ઓ શૈલેષભાઇ ગજેરા રહે.ગવરીદળ તા.જી.રાજકોટ વાળાના ઘરે હું ભાઇબીજના પ્રસંગે ગયેલ હતો ત્યારે મારા બ હેનના મામાજી અશોકભાઇ મોહનભાઇ મોલીયા રહે. રાજકોટ વાળા પણ આવેલ હતા અને ઘરે બેઠા હતાં. ત્યારે આ અશોકભાઇ મોલીયાએ વાત કરેલ કે મારા બંન્ને દિકરા નિકુંજ મોલીયા તથા પ્રતિક મોલીયા હાલે ઈમીટેશન મેટલનો ધંધો કરે છે અને ૧૦ થી ૧૫ ટકા જેટલુ પ્રોફીટ મળે છે.

પૈસાનુ રોકાણ કરો તો ધંધો સારો છે જેથી ઈમીટેશનના ધંધામાં રોકાણ કરી મોટો નફો મળશે તેમ વાત કરી મને વિશ્વાસમાં લીધેલ હતો ઈમીટેશનના ધંધામાં અમો ફરીયાદી ને ૧૦ થી ૧૫ ટકા પ્રોફીટ ની લાલચ આપેલ હતી બાદ મે નિકુંજ મોલીયાને ૨૧,૦૦,૦૦૦ અકે રૂપીયા એકવીસ લાખ પુરા આરોપીઓને ધંધા ના વિકાસ માટે આપેલ હતા તથા આ રકમ રોકાણ માથી ૧૦ થી ૧૫ ટકા ના પ્રોફીટ અપાવવાની વાત હતી. ત્યાર બાદ કુલ રૂ. ૮૬૦૪૦૦૦ રૂપીયા મે આંગણીયા પેઢી મારફતે આપેલ હતા.

અગાઉ રોકડા ૨૧,૦૦,૦૦૦ એમ આમ કુલ રૂપીયા ૮૬૦૪૦૦૦ રૂપીયા મે કુલ રૂપ રૂપીયા ૧,૦૭,૦૪,૦૦૦ આપ્યા હતાં. ત્યારબાદ આ લોકોએ કહેલ કે હાલે કાચો માલ સસ્તો મળે છે જેથી એક કરોડ રૂપીયા ની જરૂરીયાત છે જેથી મારૂ જસદણ ખાતે મકાન આવેલ છે તેના ઉપર ૧૨ ૧,૦૦,૦૦,૦૦૦ રૂપીયાની લોન બેંક ઓફ ઇ ન્ડીયામાંથી લીધેલ હતી જે લોન હાલે હીરો ફાઇનાન્સમાં ટ્રાન્સફર કરેલ છે જે રૂપીયા મે આ નિકુંજ મોલીયા તથા પ્રતિક મોલીયા યાને ફેક્ટરી ખાતે રૂબરૂ આપેલ હતા બાદ થોડા સમય પછી હું ફેકટરી ખાતે ગયેલ તો મને જણાવેલ કે આપડે કાચો માલ મળી ગયેલ છે અને હજુ સસ્તો મળશે પછી માલના ભાવ વધી જશે જેથી વધુ પૈસાની સગવડ હોય તો કરો.

જેથી મે મારા પિતાજી તથા કુટુંબી કાકા પ્રેમજીભાઇ ગોકળભાઇ હીરપરા તથા જીવણભાઇ લાલાજીભાઇ હીરપરા તથા



છગન ભાઇ કાળાભાઇ હીરપરાને જમીન ખાતે હોય જેથી મે તેમને કહેલ કે ધંધા માટે પૈસાની જરૂરીયાત છે તમે મને પૈસા આ પો હું ઇમીટેશનના ધંધામાં પૈસાનું રોકણ કરીશ અને તમને ૪ થી ૫ ટકા સુધીની પ્રોફીટ આપીશ જેથી તેઓ પાસેથી તથા મારા ફઇના દિકરા ચેતનભાઇ ધીરૂભાઇ ખોયાણી પાસેથી રૂ. ૧,૯૭,૯૬,૦૦૦ મેળવી નિકુંજ અશોક મોલીયા તથા પ્રતિક અશોક મોલ યોલીયા તથા થા અશોક મોહન મોલીયાને કટકે કટકે લઈ ને આપેલ હતા.

આમ કુલ રકમ ૩,૦૫,૦૦,૦૦૦ અંકે રૂપીયા ત્રણ કરોડ પાચ લાખ પુરા કંટકે કટકે ધંધાના વિકાસ માટે આપેલ હતા. આમ જયારે અમો ફરીયાદીએ આ કામના આરોપીઓને કહેલ કે ધંધોનો નફો મને દર મહીને આપતા જાવ જેથી આ નિકુંજ મોલીયાએ કહેલ કે થોડો સમય તમે રાહ જોવો ૩ મહીનાની અંદર તમારી લોન ભરાઇ જાય તેટલો નફો થશે એટ લે આપણે તમારા મકાનની લોન ભરી દેશુ તમે ચિંતા ના કરો તેમ કહી મને ભરોસો આપેલ હતો બાદ ત્રણ મહીના પછી આ ત્રણેય આરોપીને અમે પૈસાની માંગણી કરતા આરોપીઓએ અમને સરખા જવાબ ન આપતા અને ખાલી વાયદાઓ કરતાં હતાં.

બાદ અશોકભાઇ મોલીયાને મે ફોન કરેલ તો તેઓએ કહેલ કે નિકુંજ ઘરેથી કોઈને કહયા વગર ભાગી ગયેલ છે જેનો ફોન બંધ આવે છે બાદ એક વાર રાત્રે ચાર વાગ્યે મારા ફોનમાં અશોક મોહનભાઇ મોલીયાનો ફોન આવેલ જૈલ અને કહેલ કે નિકુજ મળી ગયો છે તે જુનાગઢ છે તે આવે એટલે તમોને હું કહું ત્યા આવજો જેથી આપણે પે સા બાબતની વાત કરી લઈશુ આમ બે દિવસ બાદ આ અશોક મોહન મોલીયાનો ફોન આવેલ અને કહેલ કે તમો અમારા જમાઈ સજયભાઇ કોરાટની તપ્સી હોટલ કોઠારીયા રોડ પર આવેલ છે.

જેથી આપણે ત્યા બેસીને પૈસાની વાત કરી લઈએ જેથી અમો ફરીયાદી ત્યા ગયેલ અને ત્યા આ બધા અશોકભાઇ મોલીયા તથા નિકુંજ મોલીયા તથા તેમના જમાઇ સજયભાઇ કોરાટ તથા મારો ભત્રીજો અક્ષય મુકેશભાઇ હીરપરા એમ બધા ભેગા મળી બેઠક કરેલ ત્યારે આ નિકુંજ મોલીયા એ પૈસા સ્વિકારેલ હતા બાદ સંજય કોરાટે મને કહેલ કે હજુ પૈસાની જરૂરીયાત છે તમે વ્યવસ્થા કરો પછી તમને પૈસા પરત મળી જશે જેથી મે કહેલ કે મારી પાસે હાલે પૈસા નથી લોનનું વ્યાજ ચડી ગયેલ છ

. તો નિકુંજ મોલીયાએ કહેલ કે હવે પછી જો પૈસાની ઉઘરાણી કરશો તો હું દવા પી લઈશ તેમજ મને મારી નાખવાની ધમકી આપેલ હતી. જેથી હું ડરી ગયેલ હતો. અને ત્યાંથી હું તથા મારો ભત્રીજો ઘરે પરત આવતા રહેલ હતા. આમ આ ત્રણેય આરોપીએ અમોને પ્રથમ ધંધામાં મોટો નફો હોવાની લાલચ આપી મારી પાસે કટકે કટકે રૂપીયા ૩,૦૫,૦૦,૦૦૦ ધંધાના નામે મેળવી બાદ મારી મુડી પરત નહી આપી આ કામના આરોપીઓએ મારી સાથે છેતરપીંડી કરી હતી. આ ફરીયાદ અન્વયે જસદણ પોલીસે ઉકત પિતા-પુત્રો સામે ગુન્હો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી.

લાખાજીરાજ ઉદ્યોગનગરના બિલ્ડીંગ મટીરીયલ્સના ધંધાર્થી સાથે તદ્દન નવતર ફ્રોડ

# આઈફોન લેવા અ'વાદ બોલાવી પોણા લાખનો ચૂનો

## ફેસબૂક પર જીગર નામના શખ્સે એડ મુકી હતી: તેનો સંપર્ક કરી યુવાન મિત્ર સાથે અમદાવાદ ગયો: જીગર પોતે ન આવ્યો, કોઇ પાર્થને ફોન સાથે મોકલ્યો ફોન ગમતાં યુવાને જીગરને ૭૫૫૦૦ મોકલી દીધા: પણ પાર્થ પોતાને રકમ મળી નથી કહી ફોન લઇ જતો રહ્યો: થોરાળા પોલીસે દાખલ કરી એફઆઇઆર

રાજકોટ, તા. ૮

ઓનલાઇન સાયબર ફ્રોડના બનાવો રોજીંદા છે. તેમાં પણ ગઠીયાઓ સોશિયલ મિડીયા પર જાહેરાતો મુકીને ફ્રોડ આચરતા રહે છે. આવી જ એક ઘટના રાજકોટના ચુનારાવાડ લાખાજીરાજ ઉદ્યોગનગર વિસ્તારમાં રહેતા અને બિલ્ડિંગ મટીરીયલ સપ્લાયનું કામ કરતા યુવાન સાથે બની હતી. તેણે ફેસબૂકમાં સસ્તામાં આઇફોન ૧૭ પ્રો મેક્સ ખરીદવા માટે જાહેરાત જોઇ સંપર્ક કરતાં સામેથી વાત કરનારા શખ્સે તેને અમદાવાદ આવી ફોન જોઇ જવા અને લઇ જવાનું કહેતાં મિત્રને લઇને આ યુવાન ત્યાં ગયો હતો. ત્યારે ફોન કરનારો રૂબરૂ આવ્યો નહોતો. પણ એક બીજો શખ્સ મોબાઇલ બતાવવા આવ્યો હતો. આ પછી ચતુરાઇ પુર્વક ફોન કરનારે પોતાના ક્યુઆર કોડ મોકલી નાણા મંગાવી લીધા હતાં. આ નાણા ફોન બતાવવા આવનારે પોતાને મળ્યા ન હોઇ ફોન નહિ આપે તેમ કહી તે જતો રહ્યો હતો. આ રીતે નવતર સાયબર ફ્રોડ થઇ ગયું હતું.

વિગતો અનુસાર લાખાજીરાજ ઉદ્યોગનગર શેરી નં. એકમાં રહેતાં ૨૪ વર્ષીય રાહુલ પ્રતાપભાઇ ગોહેલ સાથે સસ્તા ભાવે આઇફોન ૧૭ પ્રો મેક્સ આપવાના બહાને ઓનલાઇન ૭૫,૫૦૦ની ઠગાઇ આચરવામાં આવી હતી. થોરાળા પોલીસે આ મામલે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. ફેસબૂક પર જાહેરાત મુકનાર શખ્સનો સંપર્ક કરી આ યુવાન અને તેનો મિત્ર મોબાઇલ જોવા અમદાવાદ ગયા હતાં. જ્યાં ફોન પર વાત કરનાર શખ્સે બીજાને મોબાઇલ બતાવવા મોકલ્યો હતો. ફોન પસંદ પડતાં એ શખ્સે પેમેન્ટ ઓલનાઇ આપવાનું રહેશે તેમ કહી રોકડા મેળવી લીધા બાદ જે વ્યક્તિ ફોન બતાવવા આવ્યો હતો તેને નાણા ન મોકલતાં તેણે ફોન આપ્યો નહોતો.

વધુ માહિતી અનુસાર બનાવમાં થોરાળા પોલીસે રાહુલ ગોહેલની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે આશરે એક મહિના પહેલાં તેઓ તેમના મોટા ભાઇ મોહિતભાઇ સાથે ઓનલાઇન આઇફોન ૧૭ પ્રો




મેક્સ લેવા માટે ભાવ જોતા હતા. તે દરમિયાન મોહિતભાઇના ફેસબૂક એકાઉન્ટ પર આઇફોન ૧૭ પ્રો મેક્સ ૮૦,૦૦૦માં આપવાની જાહેરાત જોવા મળી હતી.જાહેરાતમાં આપેલા મોબાઇલ નંબર પર સંપર્ક કરતા જિગર નામના શખ્સે નવો સ્ટોક આવતાં જ વોટ્સએપ પર આઇફોનના ફોટા મોકલ્યા હતા.

રાહુલભાઇ અને તેમના ભાઇને મોબાઇલ પસંદ આવતાં ભાવતાલ કરી આખરે ૭૫,૫૦૦માં સોદો નક્કી થયો હતો. ત્યારબાદ જિગર નામના શખ્સે આઇફોન લેવા માટે અમદાવાદ આવવાનું જણાવતાં રાહુલભાઇ તેમના મિત્ર દિશાંતભાઇ સાથે દસમી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ અમદાવાદ સાયન્સ સિટી રોડ ખાતે પહોંચ્યા હતા. અમદાવાદ પહોંચ્યા બાદ જિગરએ પાર્થ નામના વ્યક્તિને લોકેશન પર મોકલ્યો હતો અને રાહુલભાઇને આઇફોન બતાવી ચેક કરાવ્યો હતો.

આ પછી મોબાઇલ પસંદ આવી જતાં જિગરએ ફોન પર જણાવ્યું હતું કે, પાર્થને પૈસા આપવાના નથી, તેમાં તેમનું કમિશન હોવાથી મોકલેલા યુપીઆઇ ક્યુઆર કોડમાં જ પેમેન્ટ કરવાનું રહેશે. જિગરની વાત પર વિશ્વાસ રાખી રાહુલભાઇએ પોતાનાબેંક ખાતામાંથી સામેનાખાતામાં ૭૩,૫૦૦ અને ૨,૦૦૦ મળીને કુલ ૭૫,૫૦૦ ઓનલાઇન ટ્રાન્સફર કરી દીધા હતા.ઓનલાઇન રૂ. ૭૫,૫૦૦ જમા થઇ ગયા બાદ પણ જિગરએ પાર્થને પૈસા ન મોકલતા, પાર્થએ આઇફોન આપવાની ના પાડી દીધી હતી.

ત્યારબાદ રાહુલભાઇએ જિગરને વારંવાર ફોન કરવા છતાં તેમણે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. પોતાની સાથે સાયબર ફ્રોડ થયાનું માલુમ પડતાં રાહુલભાઇએ તુરંત સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર જાણ કરી હતી અને થોરાળા પોલીસ સ્ટેશન ખાતે અરજી દાખલ કરી હતી. હાલ થોરાળા પોલીસ મથકના પીએસઆઇ એસ.એમ. વઘાસીયાએ આ બારામઆં ઇન્સપેકટર એસ. પી. સોઢાના માર્ગદર્શનમાં એફઆઇઆર દાખલ કરી આગળની તપાસ શરૂ કરી હતી.

### મહામુલી જિંદગીને અમુક લોકો અકાળે ત્યજી દેતાં હોય છેઃ યુવાને એસિડ પી જીવ દીધોઃ અપમૃત્યુની પાંચ ઘટના

# ચાર બહેનના એક જ ભાઈનું અકાળે મોત

### સવા મહિના અને ત્રણ વર્ષના બે દિકરાએ ગુમાવી પિતાની છત્રછાંયાઃ બીજા બનાવમાં કલર કામ વખતે પટકાતાં વૃધ્ધનો જીવ ગયોઃ દિલની દગાખોરીથી વૃધ્ધ અને પ્રૌઢના અને બેભાન હાલતમાં એક પ્રૌઢના પ્રાણ પંખેરૂ ઉડી ગયા

રાજકોટ, તા. ૮

માણસ ઘણીવાર મહામુલી જિંદગીનો અકાળે અંત આણી લેતો હોય છે. જુદા જુદા કારણોસર આપઘાતની ઘટનાઓ રોજબરોજ બને છે. ઘણીવાર તો કારણ પણ બહાર આવતું હોતું નથી. આવી જ એક ઘટના બની હતી. જેમાં ચાર બહેનના એકના એક ભાઇ એવા છવ્વીસ વર્ષના યુવાને એસિડ પી જીવ આપી દીધો હતો. આ બનાવથી તેના બે બાળકોએ પિતાનું છત્ર ગુમાવ્યું હતું. આ બાળકો સવા મહિનાની અને ત્રણ વર્ષની ઉમરના છે. બીજી ઘટનામાં એક વૃધ્ધ કલર કામ કરતી વખતે પટકાતાં મોત થયું હતું. ત્રીજા બનાવમાં ચોટીલા જઇ રહેલા વૃધ્ધ રસ્તામાં ચા પીવા હોટલે ઉભા ત્યારે હૃદય રોગનો હુમલો આવી જતાં મોત થયું હતું. ચોથા અને પાંચમા બનાવમાં એક પ્રૌઢનું પણ દિલની દગાખોરીથી અને એક પ્રૌઢનું બેભાન હાલતમાં મોત થયું હતું.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો રાજકોટના ત્રંબા નજીક કાળીપાટમાં રહેતાં ઈમિટેશનના કારીગર અને ચાર બહેનના એકના એક ભાઇએ એસિડ પી દુનિયા છોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. કાળીપાટ ગામે રહેતાં છવ્વીસ વર્ષના રવિભાઇ લાલજીભાઇ મેર નામના યુવાને ગઇકાલે ઘરના ઉપરના માળે હતો ત્યારે એસિડ પી લેતાં સારવાર માટે ત્રંબાની ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ રાતે મૃત્યુ થયું હતું.

બનાવની જાણ હોસ્પિટલ મારફત થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. એચ. આર. ટારીયાએ જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.આપઘાત કરનાર રવિભાઇ ચાર બહેનનો એકનો એક નાનો ભાઇ હતો અને પરિવારનો આધારસ્તંભ હતો. તે ઘરે બેઠા ઇમિટેશનના દાગીનાનું મજુરી કામ કરતો હતો. તેના પત્નિનું નામ અનિતા છે અને સંતાનમાં બે દિકરા છે. જેમાં એક સવા મહિનાનો અને બીજો ત્રણ વર્ષનો છે. આ બંને માસુમ દિકરાઓએ પિતાની છત્રછાંયા ગુમાવી દીધી હતી.

તેના પિતા લાલજીભાઇ કારખાનામાં કામ કરે છે. રવિના માતા, પત્નિ, બાળકો નીચેના રૂમમાં હતાં ત્યારે તે ઉપરના રૂમમાં હતો અને અકળ કારણોસર એસિડ પી



ગયો હતો. પરિવારજનો કારણ જાણતાં ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી છે. ચાર બહેનોએ એકનો એક ભાઇ અને પરિવારે આધારસ્તંભ ગુમાવી દેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

બીજી અપમૃત્યુની ઘટના જોઇએ તો મોરબીમાં કલર કામ કરતી વખતે સીડી પરથી પટકાતાં ગંભીર ઇજા થતાં વૃધ્ધનું મૃત્યુ થતાં પરિવારમાં માતમ છવાઇ ગયો હતો. પાંચ દિવસ પહેલા આ બનાવ બન્યો હતો. વૃધ્ધને મોરબી સારવાર અપાવી રાજકોટ ખસેડાયા હતાં. અહિ આજે દમ તોડી દીધો હતો. મોરબીના મકરાણીવાસમાં ભોજનશાળા પાછળ રહેતાં અબ્દુલભાઇ ઉસ્માનભાઇ કુરેશી નામના એકસઠ વર્ષના વૃધ્ધ ત્રીજી તારીખના રોજ ઘર નજીક મકરાણીવાસમાં એક મકાનનું કલર કામ રાખ્યું હોઇ ત્યાં સીડી પર ચઢીને કલરકામ કરતાં હતાં ત્યારે બેલેન્સ ગુમાવતાં પડી જતાં માથામાં ઇજા થઇ હતી.

તેમને મોરબી સારવાર માટે દાખલ કરાયા હતાં. ત્યાં હાલત ગંભીર જણાતાં વધુ સારવાર માટે રાજકોટ રીફર કરાયા હતાં. અહિ આજે મૃત્યુ થયું હતું. મોરબી પોલીસને જાણ થતાં જરૂરી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર વૃધ્ધ અબ્દુલભાઇ કુરેશી બે બહેનો અને સાત ભાઇમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. બનાવને પગલે પરિવારજનોમાં માતમ છવાઇ ગયો હતો. મોરબી પોલીસે રાજકોટ પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

ત્રીજી ઘટના જોઇએ તો લોધીકાના બાલસર ગામે ધીરૂભાઇ કુગશીયાની વાડીમાં રહતાં જીવાભાઇ નાધાભાઇ ઓડેદરા નામના એકસઠ વર્ષના વૃધ્ધ સોખડા ચોકડી નજીક હોટલ પાસે બેભાન થઇ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ મથકના હેડકોન્સ. વૈભવભાઇ મકવાણા સહિતે જરૂરી કાર્યવાહી કરી હતી. જીવાભાઇ પોતાના કાકાના દિકરા સાથે બાઇક પર બેસી ચોટીલા જતી વખતે ચા પાણી પીવા ઉભા ત્યારે એટેક આવી ગયાનું ખુલ્યું હતું. સંતાનમાં એક દિકરી અને એક દિકરો છે. કુવાડવા પોલીસ સ્ટેશનના હેડકોન્સ. વૈભવભાઇ મકવાણાએ જરૂરી કાર્યવાહી કરી હતી.

ચોથા બનાવમાં દિલની દખાગોરી ભોગ લઇ ગઇ હતી. રેલનગર સંતોષીનગરમાં રહેતાં મનસુખભાઇ રવજીભાઇ વરાણીયા નામના પંચાવન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને હૃદય રોગનો હુમલો આવી ગયાનું ખુલ્યું હતું. પ્રધ્યુમનનગર પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. તેઓ ત્રણ ભાઇ અને એક બહેનમાં મોટા હતાં અને કારખાનામાં કામ કરતાં હતાં. સંતાનમાં ચાર દિકરી અને બે દિકરા છે. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

પાંચમા બનાવમા ઘંટેશ્વર પચ્ચીસ વારીયામાં રહેતાં ઓગણપચાસ વર્ષના રૂપાભાઇ કાળાભાઇ ઝાપડા નામના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી કરી હતી. આમ પાંચ પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં.

# રાજકોટ પાળ ગામની સગર્ભાનું અચાનક મૃત્યુ

### તબીયત બગડ્યા બાદ સારવારમાં દમ તોડ્યોઃ પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું



રાજકોટ તા. ૮

અપમૃત્યુના એક બનાવમાં એક સગર્ભાનું તબીયત બગડ્યા બાદ મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. લોધીકાના પાળ ગામ જખરા પીરના મંદિર પાછળ શ્યામ ભૂમિ સોસાયટીમાં રહેતાં નિરાલીબેન પરાગભાઇ વાઘેલા નામના છવ્વીસ વર્ષિય પરિણીતાને પાંચ માસનો ગર્ભ હતો. અચાનક તેણીની તબિયત બગડતા રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. અહીં સારવાર દરમ્યાન દમ તોડી દીધો હતો.

આ અંગે હોસ્પિટલ દ્વારા લોધીકા પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે રાજકોટ પહોંચી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર નરાલીબેનના લગ્ન પાંચ વર્ષ પહેલા પરાગભાઇ બાબુભાઇ વાઘેલા સાથે થયા હતાં. સંતાનમાં એક પુત્રી છે અને હાલમાં તેણી સગર્ભા હતી. તેમના પતિ ગેરેજ ધરાવે છે. નિરાલીબેનના માવતર રાજકોટ રહે છે. તેમના પિતા મુકેશભાઇ દોલતસિંહ જારીયા સિવિલ હોસ્પિટલના કોન્ટ્રાક્ટ બેઇઝ કર્મચારી છે. મૃત્યુ પામનાર નિરાલીબેન એક ભાઇ અને એક બહેનમાં નાના હતા. એકની એક દિકરીના આ રીતે મૃત્યુથી માવતર પક્ષમાં પણ કલ્પાંત સર્જાયો હતો.

# લગ્નના બે મહિનામાં જ સાસુએ કહ્યું બાપની ઘરે જા, પતિએ સગર્ભાવસ્થામાં કરી મારકુટ

### દુઃખાવો ઉપડતાં સિજેરીયન કરાવવું પડ્યું અને બાળકનું જન્મ સાથે મૃત્યુ થયુંઃ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાઇ એફઆઇઆર

રાજકોટ તા. ૮

પરિણતા પર સાસરિયામાં ત્રાસ ગુજારવાની ઘટનાઓ અવાર-નવાર પોલીસ ચોપડે ચડતી રહે છે. વધુ એક આવો બનાવ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. જેમાં ટંકારાના ધુનડા ગામે સાસરૂ ધરાવતી અને હાલ રાજકોટ ચારેક મહિનાથી માવતરે રહેતી પરિણીતાએ પતિ, સાસુ વિરૂધ્ધ ત્રાસની ફરિયાદ નોંધાવતાં પોલીસે કાર્યવાહી કરી હતી. લગ્નના બે જ મહિના બાદ સાસુએ નાની નાની વાતે ત્રાસ આપવાનું શરૂ કરી તું તારા બાપના ઘરે જતી રહે, અહિ તારું કંઇ કામ નથી કહે મેણા મારવાનું ચાલુ કર્યુ હતું. પતિ પણ ચઢામણીથી મારકુટ કરતો હતો. સગર્ભાવસ્થામાં પણ તેણીને માર માર્યો હતો. આ પછી તેણીને તત્કાળ સિજેરીયન કરાવવું પડ્યું હતું અને બાળકનું જન્મ સાથે જ મૃત્યુ થયુ હતું.

વિગતો જોઇએ તો આ બનાવમાં મહિલા પોલીસ સ્ટેશન દ્વારા અંબીકા ટાઉનશીપ સામે વૃજહાઇટ્સ એપાર્ટમેન્ટ વીંગ-એ, ૩૦૧ ખાતે રહેતાં માયાબેન બ્રિજેશભાઇ બરાસરા નામના એકત્રીસ વર્ષિય પરિણીતાની ફરિયાદ પરથી ટંકારના ધુનડા ગામે રહેતાં તેણીના પતિ બ્રિજેશ ભરતભાઇ બરાસરા અને સાસુ શારદાબેન વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો. માયાબેનના પિતાનું નામ પ્રાણજીવનભાઇ કોરીંગા છે. તેણી હાલ ચારેક મહિનાથી રાજકોટ માવતરે રહે છે. તેના લગ્ન ૧૮/૨/૨૪ના રોજ ટંકારાના લખધીરગઢના વતની બ્રિજેશભાઈ



સાથે થયા છે. ફરિયાદમાં જણાવાયા મુજબ લગ્ન બાદ તેણી ધુનડા સક્કરપર ખાતે સંયુક્ત પરિવારમાં રહેવા ગયા હતા.

લગ્નના શરૂઆતના બે મહિના સારી રીતે વિત્યા બાદ સાસુ શારદાબેનના ચઢામણીથી પતિ બ્રિજેશ નાની-નાની બાબતોમાં ઝઘડા કરવા લાગ્યા હતા. સાસુ દ્વારા અપશબ્દો બોલી સતામણી શરૂ કરવામાં આવી હતી. તે સતત કહેતાં કે તું અહિથી તારા બાપના ઘરે જતી રહે, તારું અહિ કંઇ કામ નથી, તું મારા દિકરાને સરખી રીતે બોલાવતી નથી કે રાખતી નથી. આ પછી માયાબેન ગર્ભવતી હતા ત્યારે પણ તેમની યોગ્ય સારસંભાળ રાખવામાં આવતી નહોતી. ૧૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ સાસુની ચઢામણીથી પતિએ માયાબેન સાથે ગાળાગાળી કરી મારઝૂડ કરી હતી, જેના કારણે તેમને પેટમાં સખત દુખાવો ઉપડ્યો હતો.

મોરબીની શુભમ હોસ્પિટલમાં દાખલ કર્યા બાદ ૧૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ તેમની તબિયત વધુ બગડતાં મરજન્સી સિઝેરિયન ઓપરેશન કરવું પડ્યું હતું. પરંતુ ગંભીર પરિસ્થિતિને કારણે નવજાત બાળક જન્મતાની સાથે જ મૃત્યુ પામ્યું હતું. ઓપરેશન બાદ પરણીતાને વધુ સારવાર માટે રાજકોટની સાર્થક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ડિલિવરી સમયે પરણીતાને પિયર મોકલવાને બદલે મોરબી મામાજીના ઘરે રાખવામાં આવ્યા હતા. આ ઘટના બાદ પતિએ આ બાબત પિયરવાળાને કહેશો તો છૂટાછેડા આપી દઈશ એવી ધમકી આપીને ડરાવી રાખી હતી. ત્યારબાદ ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સાસરે તેડી ગયા પછી પણ ત્રાસ ચાલુ રહ્યો હતો.

આ પછી ૨૪ માર્ચ ૨૦૨૬ના રોજ પતિએ પરણીતાને ઢીકાપાટુનો માર મારી તથા બટકા ભરીને બીજા દિવસે પિયર મોકલી દીધા હતા. વડીલોની મધ્યસ્થીથી ૧૫ જૂન ૨૦૨૬ના રોજ સમાધાન કરાવીને મોરબી ખાતે અલગ રહેવાનું નક્કી કરાયુ હતું. પરંતુ પતિએ ફરીથી મારઝૂડ કરીને પરણીતાને પિયર મુકી દીધા હતા. પરણીતા દ્વારા ફેમિલી કોર્ટમાં પણ ડોમેસ્ટિક વાયલન્સનો કેસ દાખલ કરવામાં આવ્યો છે. સતત શારીરિક-માનસિક ત્રાસ અને સતામણીથી કંટાળીને અંતે તેણીએ ફરિયાદ દાખલ કરાવતાં પીઆઇ આર. જી. પઢીયારના માર્ગદર્શનમાં હેડકોન્સ. એ. એન. સોલંકીએ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

## ચાર દિવસમાં વિદેશ પહોંચાડી દેવાની લાલચ દઇ એક કરોડ પંદર લાખમાં કામ નક્કી કરી ફસાવ્યા

# વિઝાના નામે ટોળકીએ ગપચાવ્યા ૮૦ લાખ

### પ્રોસેસના બહાને રકમ મેળવી લીધા બાદ જે ઇ-વિઝા મોકલ્યા એ નકલી નીકળ્યાઃ ટોળકીએ ઠગાઇમાં ઇન્સ્ટાગ્રામ માધ્યમનો દુરૂપયોગ કર્યો

રાજકોટ, તા. ૮

વિદેશના વર્ક પરમીટ વિઝા અપાવી દેવાના નામે ઠગાઇના વધી ગયેલા બનાવો વચ્ચે વધુ એક એંસી લાખની છેતરપીંડી થઇ હતી. જેમાં વેપારીના પુત્ર અને પુત્રવધૂને અમેરિકા મોકલવાના નામે છ કહેવાતા એજન્ટોની ટોળકીએ તેમને છેતરી એંસી લાખ પડાવી લીધા હતાં અને અસલીના નામે નકલલ ઇ-વિઝા બતાવી ઠગાઇ કરી હતી. ઇન્સ્ટાગ્રામના માધ્યમનો દુરૂપયોગ કરી ગઠીયાઓની ટોળકી આ ખેલ પાર પાડ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના વેપારીના પુત્ર-પુત્રવધૂને ચાર દિવસમાં અમેરિકા મોકલવાના બહાને છ શખ્સોએ એંસી લાખની છેતરપિંડી આચરતા પોલીસે તપાસ શરૂ કરી હતી. કલોલના બે એજન્ટો અને ઈન્સ્ટાગ્રામ ટોળકીએ બોગસ વિઝા-એર ટિકિટ બતાવી પૈસા પડાવ્યા. હતાં. નાના ચિલોડાના જીતેન્દ્ર પટેલે ગાંધીનગર સીઆઇડી ક્રાઇમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપવા તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. વધુ માહિતી અનુસાર અમદાવાદના ઓઢવ વિસ્તારમાં ડાય કાસ્ટિંગની ફેક્ટરી ધરાવતા બાવન વર્ષીય વેપારીના પુત્ર અને પુત્રવધૂને માત્ર ચાર જ દિવસમાં ઈ-બિઝનેસ વિઝા પર અમેરિકા મોકલી આપવાની ખાત્રી આપી હતી.

ત્યારબાદ કલોલના બે એજન્ટો અને ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્કમાં આવેલી ટોળકીએ બોગસ વિઝા અને એર ટિકિટ બતાવી ૮૦ લાખ રૂપિયા પડાવી લીધા હતાં અને વિઝાને બદલે ઠેંગો બતાવી દીધો હતો. સમગ્ર મામલે ભોગ બનનાર વેપારીએ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમની આર્થિક ગુના નિવારણ શાખામાં કલોલના બે યુવકો સહિત કુલ છ શખસો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ આરંભી હતી. પોંસ સુત્રોએ કહ્યું કે નાના ચિલોડા ખાતે રહેતા અને ઓઢવમાં ફેક્ટરી ચલાવતા જીતેન્દ્ર પટેલે તેના પુત્ર જીલ અને પુત્રવધૂ કંચનબહેનને અમેરિકા મોકલવા માટે તેના સાળા મારફતે સંપર્ક સાધ્યો હતો. આ દરમિયાન ઈન્સ્ટાગ્રામ આઈડી




ચલાવતા સુખબિરસિંઘ બાજવા અને તેના માણસો સાથે મેમકો ઓમનગર ફાટક પાસે એક મીટિંગ યોજાઈ હતી.

જેમાં કલોલના શિવેન બારોટ અને જય બારોટે વેપારીના પુત્ર-પુત્રવધૂને ચાર દિવસમાં ઈ-બિઝનેસ વિઝાથી અમેરિકા મોકલવા માટે કુલ ૧.૧૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે તેમ કહી વિશ્વાસ કેળવ્યો હતો અને બંનેના અસલ પાસપોર્ટ મેળવી લીધા હતા. ત્યારબાદ આરોપીઓએ વિઝા -ોસેસિંગના બહાને બાપુનગર ખાતે આવેલી આંગડિયા પેઢીમાં નાણાં જમા કરાવવા જણાવ્યું હતું. ફરિયાદીએ સગા-સંબંધીઓ પાસેથી નાણાં એકઠા કરીને પંચાવન લાખ રૂપિયા અને બીજા ૨૫ લાખ રૂપિયા મળીને કુલ ૮૦ લાખ રૂપિયા આંગડિયા પેઢીમાં જમા કરાવ્યા હતા.

નાણાં મેળવ્યા બાદ આરોપીઓએ વોટ્સએપ પર પીડીએફ ફોર્મેટમાં ઈ-વિઝા મોકલ્યા હતા. જોકે, તેની ઓનલાઈન ચકાસણી કરતા તેમાં દર્શાવેલ મોબાઈલ નંબર અને ઈમેલ અન્ય જ વ્યક્તિના હોવાથી વિઝા તદ્દન બનાવટી હોવાનું ખુલ્લું પડ્યું હતું. આ ઉપરાંત વોટ્સએપ પર મોકલેલી લાઈટ ટિકિટ પણ માત્ર એક એપ્લિકેશનમાં જ શૉ થતી હોવાનું સામે આવ્યું હતું. પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો એહસાસ થતાં વેપારીએ નાણાં પરત માંગતા આરોપીઓ વાયદા કરવા લાગ્યા હતા.

બાદમાં તપાસ કરતા સામે આવ્યું હતું કે બાપુનગરમાં જમા કરાવેલા નાણાં પૈકી ૫૫ લાખ રૂપિયા રાજકોટની રૈયા રોડ શાખામાંથી જય બારોટના નામે અજાણ્યો શખ્સ તથા સુરતની સરથાણા શાખામાંથી ૨૫ લાખ રૂપિયા અન્ય અજાણ્યો શખસ ઉપાડી ગયો હતો. ઠગાઈનો ભોગ બનેલા જીતેન્દ્ર પટેલે અંતે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે કલોલના બે એજન્ટો સહિત ૬ સભ્યોની ટોળકી સામે આકરા પગલાં ભરવાની તજવીજ શરૂ કરી હતી. આમ વિદેશના વિઝાના નામે વધુ એક વખત મોટુ કારસ્તાન આચરી લેવાયુ હતું અને વિદેશ જવા ઇચ્છુ દંપતિને છેતરી લેવાયુ હતું.

### રોકાણ પર રોજના વીસ ટકા રીટર્નની લાલચનું ગાજર દેખાડી લપેટી લેવાયા

# નીશાએ ટીપ્સ આપી બે કરોડ ખંખેર્યા

## શેર બજારમાં નફો લેવા જતાં વેપારીને એક કરોડ પંચાણુ લાખના રોકાણ સામે છ કરોડથી વધુનો નફો દેખાડાયોઃ પરંતુ ઉપાડી શક્યા માત્ર સવા બે લાખઃ પછી ગ્રુપ ડીલીટ કરી નંખાયું

રાજકોટ, તા. ૮

ઓનલાઈન ઠગાઈની રોજબરોજ બની રહેલી ઘટનાઓ વચ્ચે હજારોથી માંડી લાખો અને ક્યારેક કરોડો ઉપરની ઠગાઇ થઇ રહી છે. આવી જ વધુ એક મોટી ઠગાઇ થઇ હતી. જેમાં રોકાણકારને રોજના વીસ ટકા સુધીનું રીટર્ન આપવાની લાલચ આપી એક કરોડ પંચાણુ લાખ ઉસેડી લેવાયા હતાં. વડોદરામાં વધુ એક ઓનલાઈન ઠગાઈનો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ફતેગંજના એક વેપારીએ શેરબજારમાં રોકાણના બહાને ૧.૯૫ કરોડ રૂપિયા ગુમાવ્યા છે. તેમને નીશા વર્મા નામની યુવતિએ એક વ્હોટએપ ગ્રુપમાં એડ કરી રોકાણ પર મોટા રીટર્નની લાલચ આપી શરૂઆતમાં નાના રોકાણ પર નફો અપાયો હતો. પછી મોટી રકમ મેળવી લઇ ગઠીયાઓએ આ ગ્રુપ જ ડીલીટ કરી નાંખ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો ઉંચા વળતરની લાલચ આપી બોગસ લિંક દ્વારા રોકાણ કરાવાયું હતું. ઠગબાજોએ સેબીના નકલી સર્ટિફિકેટ પણ મોકલ્યા હતા. આ ઘટના વડોદરાની છે. અહિ એક ઇન્વેસ્ટર સાથે ઓનલાઇન ઠગાઈનો કિસ્સો બન્યો છે. વેપારીએ રૂપિયા ૧.૯૫ કરોડ જેટલી મોટી રકમ ગુમાવી દેતાં તેની અત્યંત હાલત કફોડી બની ગઇ છે. ફતેગંજ વિસ્તારના સુનિલભાઇ નામના વેપારીને એચડીએફસી સિકયુરિટીઝ ધ ગેટ ઓફ વેલ્થ નામના વ્હોટ્સએપ ગ્રુપમાં જોઇન કરવામાં આવ્યા હતા. ગ્રુપ એડમિન નિશા વર્મા ટ્રેડિંગ અને શેર માર્કેટની ટિપ્સ આપતી હતી.




જ્યારે ગ્રુપના ઉમેશ શર્માએ એચડીએફસી સિકયુરિટીઝ ટીમમાં ડીએમએ ટ્રેડિંગ એકાઉન્ટ ખોલવા માટે આગ્રહ રાખી વેપારીને બીજા એક ગ્રુપમાં એડ કર્યા હતા. ત્યારબાદ વેપારીને રોજના પાંચથી વીસ ટકા સુધીના રિટર્નની ગેરેન્ટી આપીને રોકાણ કરવા માટે એક લિન્ક આપવામાં આવી હતી. જેમાં નિશાએ ફોર્મ ભરાવ્યું હતું અને એક એકાઉન્ટ પણ ખોલાવી આપ્યું હતું.ઉપરોક્ત કંપની સેબીમાં રજિસ્ટર્ડ થયેલી છે તેના પ્રમાણપત્ર પણ મોકલતાં વેપારીને વિશ્વાસ બેઠો હતો. આથી તેમણે શરૂઆતમાં નાની રકમનું રોકાણ કરતાં તેમને વળતર અપાયુ હતું. આથી વધુ વિશ્વાસ બેસતાંવેપારીએ ઓનલાઇન એકાઉન્ટમાં અઢી મહિનામાં કુલ રૂપિયા ૧.૯૫કરોડ જેટલી રકમ જમા કરાવી હતી.જેની સામે તેને માત્ર રૂપિયા ૨.૩૨ લાખ જ પાછા મળ્યા હતા.વેપારીના એકાઉન્ટમાં રૂપિયા ૬.૧૬ કરોડનું બેલેન્સ દેખાતું હોવા છતાં તેઓ રકમ ઉપાડી શકતા નહતા.

ઠગો દ્વારા તેમની પાસે મની લોડિંગના નામે રૂપિયા ૨૦ લાખની રકમ માગવામા આવતી હોવાથી તેમને શંકા થઇ હતી અને સાયબર સેલને જાણ કરી હતી. ઇન્વેસ્ટરોને ફસાવવા માટે છેલ્લા કેટલાક સમયથી ઠગો દ્વારા તેમની કંપનીનું સેબીમાં રજિસ્ટ્રેશન કરાયું હોવાના સર્ટિફિકેટ મોકલવામાં આવે છે. સાયબર સેલના એસીપી મયૂરસિંહ રાજપૂતે કહ્યું હતું કે ઠગો દ્વારા ઇન્વેસ્ટરનો વિશ્વાસ સંપાદન કરવા માટે બોગસ સર્ટિફિકેટ બનાવવામાં આવતા હોય છે.ઘણા ઇન્વેસ્ટર સેબીનું સર્ટિફિકેટ જોઇ લાખોની રકમ ઇન્વેસ્ટ કરતા હોયછે.આવા કિસ્સાઓમાં સેબી દ્વારા રજિસ્ટર્ડ કંપનીઓની ઓનલાઇન ચકાસણી કરવી આસાન છે.જો રોકાણકારો આવી કંપની ચકાસે તો પણ તેઓ બચી શકે તેમ છે.ઓનલાઇન ઇન્વેસ્ટમેન્ટની લોભામણી સ્કીમોથી રોકાણકારોએ વધુ સાવધ રહેવું જોઇએ.



### અજાણ્યા તો ઠીક જાણીતા પણ ફ્રોડનો ડામ દઇ જાયઃ દસ વર્ષના સંબંધો પાણીમાં ગયા

# વૃધ્ધની સાથે ગઠીયાગીરી કરી સોળ લાખ ઉસેડ્યા

## અલગ અલગ કામમાં મદદ કરી વિશ્વાસ જીત્યો હતોઃ પછી વૃધ્ધની જાણ બહાર ઓનલાઇન રૂપિયા ટ્રાન્સફર કરી લીધા : બીજી ઠગાઈમાં શો રૂમ સંચાલકની જાણ બહાર મેનેજરે વીસ લાખના ફોન વેંચી મારી રોકડા કરી લીધા

રાજકોટ તા. ૮

અજાણ્યાની સાથે સાથે જાણીતા પણ છેતરી જતાં હોય છે. વધુ એક ઠગાઇ થઇ હતી. જેમાં એક વૃધ્ધ સાથે પારિવારીક સંબંધો કેળવીને સોળ લાખ તેત્રીસ હજાર પડાવી લેવાયા હતાં. બીજી તરફ એક શો રૂમમાંથી મેનેજરે બારોબાર વીસ લાખના મોંઘાદાટ ફોન શેઠની જાણ બહાર વેંચી મારી રોકડી કરી લીધી હતી.

પ્રથમ ફ્રોડની વિગતો જોઇએ તો વડોદરામાં માંજલપુરના બ્યાંસી વર્ષીય અજીતભાઈ મોદી સાથે સોળ લાખ તેત્રીસ હજારની છેતરપિંડી થઈ હતી. ભાવિક શાહ નામનો શખ્સ દસ વર્ષથી તેમની સાથે પારિવારિક સંબંધો કેળવી, ઘરકામમાં મદદ કરતો હતો. અંગત કામના બહાને તેણે જુદા-જુદા બેંક ખાતાઓમાંથી ચેક અને રોકડ મળીને કુલ રૂ. ૧૬,૩૩,૦૦૦ લીધા હતા. પૈસા પાછા માંગતા ચેક બાઉન્સ થયા અને ભાવિકે પૈસા આપવાની ના પાડી ધમકી આપી હતી. વડોદરામાં માંજલપુરના જૈન દેરાસર રોડ પર આવેલી શ્રી વીર રેસીડેન્સીમાં રહેતા અજીતભાઈ ભોગીલાલ મોદીએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું




હતું કે માંજલપુરના જીઆઈડીસી રોડ સ્થિત સહજાનંદ લેટ્સમાં રહેતા ભાવિક પ્રવીણચંદ્ર શાહ છેલ્લા દસ વર્ષથી મારી સાથે ઓળખાણ ધરાવતો હતો.

હું વૃદ્ધ હોવાથી તે મારી સાથે જૈન મંદિરે દર્શન કરવા આવતો, ઘરકામમાં મદદ કરતો અને બજારમાં કામકાજ અર્થે મારી સાથે આવતો હતો. તેણે મારી સાથે ગાઢ પારિવારિક સંબંધો કેળવી લીધા હતા. ત્યારબાદ તેણે પોતાના અંગત અને વ્યાવસાયિક કામકાજનું બહાનું બતાવીને મારી પાસે નાણાંની માંગણી શરૂ કરી હતી. પૈસા સમયસર પરત આપી દેવાનો પાકો ભરોસો આપતા મેં મારા જુદા-જુદા બેંક ખાતાઓમાંથી ચેક અને ટ્રાન્સફર મારફતે રૂ.૧૫,૧૪,૫૦૦ તથા રોકડા રૂ.૧,૧૮,૫૦૦ મળીને કુલ રૂ.૧૬,૩૩,૦૦૦ તેને આપ્યા હતા. જ્યારે મેં મારા નાણાં પરત માગ્યા ત્યારે તેણે મને આપેલા આઈસીઆઈસીઆઈ અને એચડીએફસી બેંકના રૂ.૪.૫ લાખ, રૂ.૩.૮૦ લાખ અને રૂ.૮ લાખના ચેકો બેંકમાં જમા કરાવતા બેલેન્સ ન હોવાના કારણે બાઉન્સ થયા હતા. આ અંગે મેં ભાવિક શાહનો રૂબરૂ અને ફોન પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો તો તેણે સરખો જવાબ આપવાનું બંધ કરી દીધું અને છેવટે હું પૈસા નહીં આપું તેમ કહી ધમકી આપી પૈસા આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.

બીજી ઠગાઇ જોઇએ તો અમદાવાદના શેલા વિસ્તારમાં મોબાઇલ શો-રૂમના સ્ટોર મેનેજર જય જોષીએ માલિક સાથે ૨૦.૭૦ લાખ રૂપિયાની છેતરપિંડી આચરી છે. મેનેજરે ગ્રાહકોને વેચેલા મોબાઈલના નાણાં જમા કરાવ્યા ન હતા અને ૧૬ સ્માર્ટફોન પણ બારોબાર વેચી દીધા હતા. હેડ ઓફિસના ઓડિટમાં આ કારસ્તાન ખુલ્યું હતું. મેમનગરના રહેવાસી મનીષ ગહેલોતે શેલા ખાતે આ શો-રૂમ શરૂ કર્યો હતો અને સ્થાનિક જય જોષીને સ્ટોર મેનેજર તરીકેની તમામ જવાબદારી સોંપી હતી. કંપનીની હેડ ઓફિસથી ઓડિટ દરમિયાન મનીષને જાણ કરવામાં આવી હતી કે તેના હિસાબમાં ૬.૨૦ લાખ રૂપિયાનું બેન્કિંગ શોર્ટ બોલે છે. આ અંગે પૂછપરછ કરાતાં મેનેજર જયે બે દિવસમાં રકમ જમા કરાવી દેવાની બાંહેધરી આપી હતી.

પરંતુ બીજી ઓક્ટોબરના સુધી નાણાં જમા ન થતાં રૂબરૂ તપાસ હાથ ધરવામાં આવી હતી. દુકાન માલિક અને હેડ ઓફિસ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં ઘટસ્ફોટ થયો હતો. મેનેજર જય જોષીએ કંપનીની જાણ બહાર સ્ટોકમાંથી કુલ ૧૬ કિંમતી સ્માર્ટફોન બારોબાર વેચી મારીને ૧૪.૪૯ લાખ રૂપિયા પણ ચાંઉ કરી લીધા હતા. આમ, રોકડા ૬.૨૦ લાખ રૂપિયા અને મોબાઈલ ફોનની કિંમત ૧૪.૪૯ લાખ રૂપિયા મળીને કુલ ૨૦.૭૦ લાખ રૂપિયાની અંગત સ્વાર્થ માટે ઉચાપત કરી હોવાનું સ્પષ્ટ થયું હતું. માલિકના વિશ્વાસનો ગેરલાભ ઉઠાવી મોટું આર્થિક નુકસાન પહોંચાડવા બદલ મનીષ ગહેલોતે બોપલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. બોપલ પોલીસે આરોપી મેનેજર જય જોષી સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરવા તેમજ આ કૌભાંડમાં અન્ય કોઈ શખસની સંડોવણી છે કે કેમ તે દિશામાં સઘન તપાસ શરૂ કરી હતી.

## વાવડીમાં ડેલામાં ચોર ત્રાટક્યાઃ કોપર અને મંદિરના લોટામાંથી રોકડ ચોરી ગયા

### મુળ રાજસ્થાની યુવાનની ફરિયાદ અડધા લાખની મત્તા ગઇ

રાજકોટ તા. ૮

શહેરમાં નાની મોટી ચોરીના બનાવો યથાવત છે. ભાગોળે વિરડા વાજડી ગામ પાસે આવેલા રાજસ્થાનના યુવાનના ભંગારનો ડેલામાંથી તસ્કરો રૂા. ચાલીસ હજારનો કોપર અને મંદિરમાં સ્થિત લોટામાં રાખેલી રૂપિયા દસ હજારની રોકડ મળી અડધા લાખન મત્તા ચોરી જવાઇ હતી.

વિગતો જોઇએ તો આ મામલે વાજડીમાં રહેતા અને ગામમાં દેવનારાયણ સ્ક્રેપ નામે ભાડેથી ભંગારનો ડેલો ચલાવતા હરજીરામ મેવારામ ગુર્જરએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં તેણે જણાવ્યું હતું કે તેને ત્યાં ખેમરાજ ગુર્જર કામ કરે છે ડેલો સવારે આઠથી સાંજના સાત સુધી ખુલ્લો હોય છે. ગત પહેલી તારીખના તે તેના કર્મચારી ખેમરાજ સાથે ડેલો બંધ કરી તાળુ મારી ઘરે જતા રહયા હતા. બીજા દિવસે બીજી તારીખના સવારે ખેમરાજ ડેલો ખોલ્યાબાદ તેને ફોન કરી ડેલામાંથી ૫૦ કિલો કોપર દેખાતુ નથી તેમ વાત કરતા તે ડેલે પહોંચ્યા હતા. અને ચેક કરતા પચાસ કિલો કોપર ઉપરાંત મંદિરમાં રાખેલી રૂા. દસ હજારની રોકડ પણ જોવા નહી મળતા રૂા.૫૦ હજારની મત્તાની ચોરી થયાની જાણ થઇ હતી. પોલીસે ભેદ ઉકેલવા તજવીજ હાથ ધરી હતી.

### સાયબર ગઠીયાઓએ હવે વેપારીઓને શિકાર બનાવવાનું કર્યુ છે ચાલુ

# ઓનલાઇન ઓઇલનો ઓર્ડર દીધો ને વીસ લાખનો ડામ

## વેપારીનો કંપનીના નામે સંપર્ક કરી ગઠીયાઓએ રોકડા એડવાન્સમાં લઇ લીધાઃ અન્ય બે ઘટનામાં ગેસ બીલ અપડેટના નામે સાત લાખ સિત્તેર હજાર અને પાંચ લાખ નેવુ હજારના ફ્રોડ થઇ ગયા

રાજકોટ તા. ૮

ગઠીયાઓ ગમે તેને ઓનલાઇન છેતરી લેવામાં સફળ થઇ રહ્યા છે. રોજબરોજ આવા સાયબર ગઠીયાઓ અસંખ્ય લોકોને છેતરી પોતાના ગજવા ભરી રહ્યા છે. સાયબર ક્રાઇમ પોલીસ જેટલા ગુના દાખલ કરીને ડીટેક્ટ નથી કરતી એના કરતાં અનેકગણા ગુનાઓ રોજેરોજ સાયબર ગઠીયાઓ આચરી રહ્યા છે. વધુ એક ઓનલાઇન ઠગાઇ થઇ હતી. જેમાં એક વેપારીને ઓઇલ મંગાવવા ઓનલાઇન સર્ચ કરી માલનો ઓર્ડર આપી એડવાન્સ પેટે વીસ લાખ ચુકવી દીધા બાદ તેમને પોતાની સાથે ઠગાઇ થયાની ખબર પડતાં સાયબર ક્રાઇમ પોલીસને જાણ કરી હતી. બીજા કિસ્સામાં ગેસ બીલના નામે સાત લાખ સિત્તેર હજાર પડાવી લેવાયા હતાં. ત્રીજા કિસ્સામાં પણ ગેસ બીલ અપડેટના નામે પાંચ લાખ નેવુ હજાર ઉસેડી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો આ નવતર ઠગાઇ અમદાવાદમાં બની હતી. સાયબર ગઠીયાઓ હવે વેપારીઓને સંપર્ક કરી માલ મોકલવાના બહાને પૈસા પડાવતા હોવાના કિસ્સો સામે આવ્યો છે.ઘાટલોડિયામાં રહેતા વૃદ્ધ વેપારીને ડીસ્ટિલનું ઓઈલ મોકલવાનું કહીને એડવાન્સ પેટે વીસ લાખ રૂપિયા લીધા હતા જે બાદ માલ ન મોકલીને વેપારી સાથે વીસ લાખની ઠગાઈ કરી હતી જે અંગે વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. ઘાટલોડિયામાં રહેતા ત્યાંસી વર્ષીય વૃદ્ધ ઓઈલ ટ્રેડિંગનો વેપાર કરે છે.વૃદ્ધે તેમના એક ગ્રાહકને ઓઈલનો ઓર્ડર પૂરો કરવા એક કંપનીના પોર્ટલના માધ્યમથી નંબર મેળવીને કંપનીમાં ફોન કર્યો હતો. સામેવાળા વ્યક્તિએ પોતાની ઓળખ શ્રીનિવાસ તરીકે આપી હતી.

આ પછી શ્રીનિવાસે ૩૦ ટન ઓઈલ આપવાનું કહીને ૩૩.૨૫ લાખ ટોટલ બિલ થશે તેમાંથી ૧૦ લાખ એડવાન્સ આપવા જણાવ્યું હતું જે બાદ માલ ભરાઈ ગયો છે કાગળ મોકલવા માટે બીજા ૧૦ લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા.આમ કુલ ૨૦ લાખ લઈને માલ લેવો હોય તો બીજા ૧૪ લાખ ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું.વૃદ્ધ વેપારી પાસેથી ૨૦ લાખ લઈને માલ ન આપતા વેપારીએ ફરિયાદ નોંધાવી હતી.

બીજી તરફ અન્ય એક કિસ્સામાં પાલડીમાં રહેતા આધેડ વેપારીના મોબાઈલ ફોન પર એક મેસેજ આવ્યો હતો જેમાં ડીપીમાં અદાણી ગેસ લખેલું હતું અને મેસેજમાં ગેસ બિલ ભરવાનું બાકી છે લખ્યું હતું જેથી વેપારીએ બિલ ભર્યાનો સ્ક્રીન શોર્ટ વોટ્સએપ પર મોકલ્યો હતો ત્યારે અજાણ્યા નંબરે વેપારીને એપીકે ફાઇલ મોકલી હતી જે ડાઉનલોડ કરી તેમાં બિલ અપડેટ કરવાનું જણાવ્યું હતું વેપારીએ ફાઇલ ડાઉનલોડ કરી હતી જે બાદ ટ્રાન્જેક્શન ફેલના મેસેજ આવ્યા હતા.થોડા સમય બાદ વેપારીના ફોન પર ઓટીપી ડેબિટ કાર્ડની લિમિટ,પૈસા કપાયાના અલગ અલગ મેસેજ આવતા હતા જેમાં ખાતામાંથી ૭.૭૩ લાખ રૂપિયા ઉપડી ગયા હતા.વેપારીએ સમગ્ર મામલે સાયબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી.

ત્રીજી આવી ઘટનામાં અમરાઈવાડીમાં રહેતા ૫૫ વર્ષીય મહેશ જૈન સાથે ૨૩મીથી ૨૯મી સપ્ટેમ્બર દરમિયાન સાયબર ફ્રોડ થયો છે. જેમાં તેણે દુકાન માટે ગેસ કનેક્શન લેવા ઓનલાઇન સર્ચ કર્યું હતું. ત્યારબાદ તેને હેકરે અજાણ્યા વોટ્સએપ નંબર પર ગેસ બીલ અપડેટ નામની ફાઇલ મોકલીને રજીસ્ટ્રેશન માટે ૧૦ રૂપિયા ચૂકવવા કહ્યું હતું. આ એપીકે ફાઇલ ડાઉનલોડ કરતા જ હેકરે તેમના મોબાઇલ હેક કરી લીધો હતો અને તેમના કેનેરા બેંક એકાઉન્ટમાંથી ઓટીપી લઈને ૫,૯૦,૭૯૬ રૂપિયા અન્ય એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી લીધા હતા. જે બાદ વેપારીએ સાયબર ક્રાઈમ પોલીસ મથકે આ અંગે ફરિયાદ નોંધાવી હતી.



## જંગલેશ્વર ડિમોલિશન બિલ વિવાદ

# ફૂડ બિલમાં અધિકારીઓ પર લટકતી તલવાર

## ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિનો રિપોર્ટ તુર્તમાં : શાસકો-વિપક્ષનો આકરો વિરોધ, અધિકારીઓ ભીંસમાં

રાજકોટ, તા. ૮

રાજકોટના બહુચર્ચિત જંગલેશ્વર વિસ્તારમાં સાત મહિના પહેલાં હાથ ધરાયેલા મિશન ડિમોલિશન બાદ તેના ખર્ચને લઈને સત્તાધિશો અને વહીવટી તંત્ર વચ્ચે મોટો વિવાદ ઊભો થયો છે. ૧૫ મીટરના ટીપી રોડ તથા આજી નદીના પટમાં આવેલા ૧૪૦૦થી વધુ ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા બાદ તંત્ર દ્વારા ૨૭ લાખ રૂપિયાથી વધુના ખર્ચની દરખાસ્ત મંજૂરી અર્થે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં આવી હતી. જોકે, નવા શાસકોની સ્ટેન્ડિંગ કમિટીએ આ દરખાસ્ત તપાસતાં જ તેમાં મોટો નિયમભંગ અને ગેરરીતિ જણાઈ આવી હતી. આ દરખાસ્તમાં કામગીરી દરમિયાન થયેલા મોટા ભોજન ખર્ચ, કાગના વાઘ જેવા કાજુકતરી સહિતના નાસ્તાના બિલ, પાણીની બોટલો અને ફોટોગ્રાફીના ઊંચા ભાવ દર્શાવવામાં આવ્યા હતા. ટેન્ડર પ્રક્રિયા વગર અને ઊંચા રેટ કોન્ટ્રાક્ટથી કરાયેલા આ ખર્ચમાં સ્પષ્ટ નિયમભંગ દેખાતાં સ્ટેન્ડિંગ કમિટીએ આ દરખાસ્ત સરેઆમ ફગાવી દીધી હતી, જેના કારણે આંગીય ભોજન બિલનો સમગ્ર ખર્ચ હાલ જવાબદાર અધિકારીઓના ગળામાં આવી પડ્યો છે.

આ મુદ્દે કોંગ્રેસ સહિતના વિપક્ષે પણ મોરચો માંડીને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કર્યા હતા. મામલો વધુ ઉગ્ર બનતાં અને શાસકો તથા વહીવટી પાંખ વચ્ચે ઘર્ષણ વધતાં, મેયરે મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરાને પત્ર લખીને તટસ્થ તપાસ કરવાની વિનંતી કરી હતી. પરિણામે મ્યુનિસિપલ કમિશનરે તુરંત જ ગેરરીતિ અને નાણાકીય અનિયમિતતાની તપાસ માટે ૬ સભ્યોની વિશેષ તપાસ સમિતિ (જીઈઝ) ની રચના કરી હતી.

તપાસની નિષ્પક્ષતા જાળવવા માટે તપાસ સમિતિના અધ્યક્ષપદે પણ ફેરફારો કરવામાં આવ્યા હતા. પ્રારંભમાં આ તપાસ મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર ચેતન નંદાણીને સોંપાઈ હતી, પરંતુ તેમના પર પણ સવાલો ઊભા થતાં તંત્ર દ્વારા ડ્રાફ્ટઈક ના એમ.ડી.



કેતન રાઠોડને તપાસ સમિતિના અધ્યક્ષ બનાવાયા હતા. જોકે, અડધી તપાસ પૂર્ણ થયા બાદ તેમની બદલી થઈ જતાં, હાલ વીજ કંપનીના નવા એમ.ડી. અને ઈન્ચાર્જ ડેપ્યુટી કમિશ્નર ચુડાસમાના વડાપણા હેઠળ આ કમિટી તપાસ ચલાવી રહી છે. આ ૬ સભ્યોની કમિટીમાં ઈન્ચાર્જ ડે. કમિશ્નર ચુડાસમા ઉપરાંત ડે. કમિશ્નર ચેતન નંદાણી, હર્ષદ પટેલ, આસિસ્ટન્ટ કમિશ્નર ભરત કાથરોટીયા, ચીફ એકાઉન્ટન્ટ અમિત સવજીયાણી અને ટેકનિકલ સિટી ઈજનેર પરેશ અઢીયાનો સમાવેશ થાય છે.

છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલી આ તપાસનો અહેવાલ હવે અંતિમ તબક્કામાં છે અને બેય પાંખ વચ્ચે સંકલન સાધીને ગમે ત્યારે આ રિપોર્ટ કમિશનરને અને ત્યાંથી શાસકોને સોંપવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ તપાસમાં બેદરકારી, બદઈરાદો કે નાણાકીય અનિયમિતતા સ્પષ્ટપણે સામે આવે તેમ છે, જેના કારણે મહાનગરપાલિકાના બેથી ત્રણ જવાબદાર અધિકારીઓ દોષિત ઠરે અને તેમની સામે કડક શિસ્ત વિષયક કે નાણાકીય પગલાં ભરાય તેવી પૂરેપૂરી શક્યતા છે. જોકે, જે ખર્ચ નિયમ મુજબના રેટ કોન્ટ્રાક્ટ હેઠળ થયો હશે તેને મંજૂરી યથાવત રાખવામાં આવે તેવી સંભાવના છે.

જંગલેશ્વર ડિમોલિશનના આ વિવાદિત બિલમાંથી બોધપાઠ લઈને રાજકોટ મહાનગરપાલિકાએ પોતાની કામગીરીની પદ્ધતિમાં પણ મહત્વનો વહીવટી સુધારો કર્યો છે. હવેથી મનપામાં ઇમરજન્સી કે નાનામાં નાના કામ માટે પણ શોર્ટ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે, જેથી ભવિષ્યમાં ટેન્ડર વગરના બિલ અને આવા ખર્ચ અંગે કોઈ નવો વિવાદ ઊભો ન થાય. હાલમાં આખરી તબક્કામાં પહોંચેલા જીઈઝ ના રિપોર્ટ પર સૌની નજર ટકેલી છે અને રિપોર્ટ જાહેર થતાં જ જવાબદારો સામે મોટો ધડાકો થવાની શક્યતા છે.

### તપાસના અંતિમ તબક્કે શું બહાર આવી શકે?

**છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહેલી આ તપાસનો અહેવાલ હવે આખરી ઓપ લઈ ચૂક્યો છે અને ટૂંક સમયમાં કમિશનર તથા શાસકોને સોંપવામાં આવશે. સૂત્રોના જણાવ્યા અનુસાર**

- અધિકારીઓ પર ગાજ: તપાસમાં બેદરકારી, બદઇરાદો કે ગેરરીતિ સાબિત થાય તો ૨ થી ૩ જવાબદાર અધિકારીઓ સામે કડક શિસ્ત વિષયક કે નાણાકીય પગલાં ભરાઈ શકે છે.
- રેટ કોન્ટ્રાક્ટ ખર્ચ: નિયમ મુજબ થયેલા રેટ કોન્ટ્રાક્ટ આધારિત વ્યાજબી ખર્ચને મંજૂરી યથાવત રખાશે.
- દૂધનું દૂધ અને પાણીનું પાણી: તંત્ર અને શાસકો આ વિવાદમાં સ્પષ્ટ ચિત્ર સામે લાવવા મક્કમ છે.

## ૪૫ માર્ગો ચમકાવવાના દાવા વચ્ચે શહેર ગંદકીના સામ્રાજ્યમાં હોમાયું

# સ્વચ્છતાના દેખાડા પાછળ તંત્રની નિષ્ફળતા છતી

રાજકોટ, તા. ૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' અભિયાન હેઠળ શહેરના ૧૮ વોર્ડના ૪૫ મુખ્ય માર્ગો પર સઘન સફાઈ અને કડક ચેકિંગનો એક્શન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે. ડેપ્યુટી કમિશનરથી લઈને સોલિડ વેસ્ટ વિભાગનો આખો કાફલો રસ્તા પર ઉતારીને દંડકીય કાર્યવાહી અને પાનના ગલ્લાઓ પર દરોડા પાડવાનો કડક અવાજ ઉપાડવામાં આવ્યો છે, પરંતુ તંત્રના આ ઉંચા-ઉંચા દાવાઓ વચ્ચે વાસ્તવિકતા એ છે કે આ આખી ઝુંબેશ માત્ર મુખ્ય રસ્તાઓને જ ચમકાવીને કાગળ પર વાહવાહ લૂંટવાનો અને પોતાની નીતિગત નિષ્ફળતાઓને છુપાવવાનો જ એક નિષ્ફળ પ્રયાસ સાબિત થઈ રહી છે.

મનપાના અધિકારીઓ જે ૪૫ મુખ્ય રાજમાર્ગો પર 'વિઝિબલ ક્લીનલીનેસ' જાળવવાના દાવો કરી રહ્યા છે, તે માત્ર અધિકારીઓની ગાડીઓ દોડાવવાના અને વાહવાહી મેળવવાના પોઈન્ટ બની રહ્યા છે. મુખ્ય માર્ગોની પાછળ આવેલા હજારો રહેણાંક વિસ્તારો, શેરીઓ, ગલીઓ અને આંતરિક રસ્તાઓ આજે પણ કચરાના ડુંગરો અને દુર્ગંધથી ભરેલા પડ્યા છે. માત્ર શો-પીસ સમાન મુખ્ય રસ્તાઓ સાફ કરીને



તંત્ર ''આખું શહેર સ્વચ્છ છે'' તેવું પોકળ ચિત્ર ઊભું કરી રહ્યું છે, જ્યારે વાસ્તવિકતામાં ગલીઓમાં રોગચાળો ફેલાવાનો ભય તોળાઈ રહ્યો છે.

બીજી તરફ, સિસ્ટમ પોતાની વર્ષો જૂની નિષ્ફળતાનો ટોપલો હંમેશા સામાન્ય નાગરિકો, ચા-પાનના ગલ્લાવાળા અને નાના વેપારીઓ પર ઢોળી દે છે. પાનની દુકાનો પર પ્રતિબંધિત સાહિત્ય કે કચરા અંગે કડક કાર્યવાહી અને 'વહીવટી ચાર્જ' વસૂલવાની વાતો કરતી મહાપાલિકાએ પહેલાં એ સ્પષ્ટતા કરવી જોઈએ કે શહેરમાં ડોર-ટુ-ડોર કચરા કલેક્શનની ગાડીઓ અનિયમિત કેમ રહે છે અને જાહેર સ્થળો પર મૂકવામાં આવેલા ડસ્ટબિનો દિવસો સુધી કેમ ઊભરાતા રહે છે. રસ્તાઓ પર ધૂળ-માટી, પથ્થર અને ઘાસ-ઝાડીઓ દૂર કરવાની જે કામગીરી બારેમાસ થવી જોઈએ, તે માટે 'અભિયાન' ના નામે નાટક કરવામાં આવે છે. આ તમામ બાબતો દર્શાવે છે કે મનપાનું સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે અને પોતાની આ અણઆવડત છુપાવવા માટે માત્ર દંડકીય કાર્યવાહીનો આશરો લેવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત, ઝુંબેશ અંતર્ગત ફૂટપાથની મરામત, હંગામી દબાણો દૂર કરવા અને પે એન્ડ યુઝની ચકાસણીની જે વાતો કરવામાં આવી છે તે પણ માત્ર કાગળ પરની યોજનાઓ જ બનીને રહી ગઈ છે. સત્ય એ છે કે વર્ષોથી શહેરના મોટા ભાગના વિસ્તારોમાં ફૂટપાથ પર ગેરકાયદે દબાણોનો કાયમી કબજો છે અને નાગરિકોને જીવના જોખમે રોડ પર ચાલવા મજબૂર થવું પડે છે. તંત્રની આ કામગીરી ''સફાઈ જાળવી રાખવાના'' અભિગમ માટે નહીં, પરંતુ માત્ર પ્રચાર અને પ્રસિદ્ધિ ભૂખ્યા અધિકારીઓની ક્ષણિક વાહવાહ માટે હોય તેમ જ જણાય છે. અભિયાન પૂરું થતાં જ પરિસ્થિતિ પુનઃ હતી તેવી ને તેવી થઈ જવાની છે. જો ખરેખર રાજકોટને સ્વચ્છ બનાવવું હોય તો માત્ર ૪૫ રસ્તાઓ જ નહીં, પણ સમગ્ર શહેરની કાયમી અને નક્કર સફાઈ વ્યવસ્થા ઊભી કરવી પડશે, કારણ કે માત્ર કાગળ પર એક્શન પ્લાન બનાવીને રાજકોટવાસીઓને મૂર્ખ બનાવવાનો આ ખેલ હવે ખુલ્લો પડી ચૂક્યો છે.

# થોરીયાળી બેઠકની પેટા ચૂંટણી અંગે અવઢવ

## ચૂંટણી મોરચે તંત્ર લાચાર: કર્મચારીઓ વિના EVM રવાનગી અને બૂથ સંચાલન ખોરવાવાની ભીતિ

રાજકોટ, તા. ૮

રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં મહેસૂલી કર્મચારીઓએ હાથ ધરેલી અનિશ્ચિત મુદતની હડતાળને કારણે સમગ્ર વહીવટી તંત્ર ભારે ધમાસાણ અને મૂંઝવણમાં મુકાઈ ગયું છે. એકતરફ સ્થાનિક સ્વરાજ્યની મહત્વપૂર્ણ ચૂંટણીઓ શિર પર આવીને ઊભી છે, તો બીજીતરફ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પાર પાડતો મુખ્ય કર્મચારી વર્ગ જ કામકાજથી અળગો થઈ જતાં ચૂંટણી યોજવા સામે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન ખડા થયા છે. આગામી ૧૧મી ઓક્ટોબરે રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના થોરિયાળી બેઠકની તાલુકા પંચાયતની ખાલી પડેલી બેઠક માટે પેટાચૂંટણી યોજાનાર છે, તેમજ તેની સાથે ગાંધીનગર મહાપાલિકાની ચૂંટણી પણ યોજાવાની છે. આવી સ્થિતિમાં વહીવટી તંત્ર માટે સ્ટાફ વિના આટલી મોટી ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન કરવું એ એક મોટી કસોટી સમાન બની ગયું છે.

સામાન્ય રીતે કોઈપણ ચૂંટણી પ્રક્રિયામાં મતદાનના ૪૮ કલાક પહેલા શનિવારે બપોર સુધીમાં ઊટખ



મશીનો, ચૂંટણી લક્ષી તમામ સાહિત્ય તેમજ ચૂંટણી સ્ટાફને નિયત કરેલા પોલિંગ બૂથ પર રવાના કરવામાં આવતો હોય છે. આ કામગીરી માટે પ્રિસાઈડિંગ ઓફિસર, પોલિંગ ઓફિસર ઉપરાંત નાયબ મામલતદાર, ક્લાર્ક અને તલાટી સંવર્ગના કર્મચારીઓની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. ચૂંટણી અધિકારી (R.O.) તરીકે મામલતદાર કે ડેપ્યુટી કલેક્ટર જવાબદારી સંભાળતા હોય છે, પરંતુ વહીવટી સ્તરની મુખ્ય કામગીરી બજાવતા એ.આર.ઓ. (A.R.O.), નાયબ મામલતદાર અને ક્લાર્ક સંવર્ગના તમામ કર્મચારીઓ હાલ હડતાળ પર ઉતરેલા છે.

કલેક્ટર કચેરીના સ્થાનિક સ્વરાજ્ય વિભાગ સહિતનો મહેસૂલી સ્ટાફ સંપૂર્ણપણે હડતાળમાં જોડાયેલો હોવાના કારણે શનિવારે થોરિયાળી ગ્રામીણ બેઠક પર EVM અને સ્ટાફ કેવી રીતે રવાના કરવા તે અંગે તંત્ર સમક્ષ મોટો યક્ષપ્રશ્ન ઊભો થયો છે. માત્ર રાજકોટ જ નહીં, પરંતુ ગાંધીનગર મહાપાલિકાની ચૂંટણીમાં પણ આવી જ પરિસ્થિતિ સર્જાવાની પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે.

જો શુક્રવાર સુધીમાં કર્મચારીઓની હડતાળનો સુખદ ઉકેલ નહીં આવે કે હડતાળ પૂર્ણ નહીં થાય, તો સ્થાનિક સ્વરાજ્યની આ બંને ચૂંટણીઓ યોજવી તંત્ર માટે અત્યંત મુશ્કેલ બની રહેશે. હાલના તબક્કે તો તંત્ર એ જ આશાએ બેઠું છે કે એક-બે દિવસમાં હડતાળ સમેટી લેવાય તો આ ચૂંટણી સંકટ ટળી શકે છે, પરંતુ જો હડતાળ યથાવત રહેશે તો વહીવટી અસમંજસ અને કટોકટી વધુ ઘેરી બનશે તે નક્કી છે.

# સ્માર્ટ મીટર યોજના સામે ગ્રાહકોનો અણગમો

## ૭ લાખમાંથી માત્ર ૨.૧૧ લાખ ઘરોમાં જ લાગ્યા મીટર; કાયદાકીય આદેશો ટાંકીને તંત્રનો ફરજિયાત ઇન્સ્ટોલેશનનો દાવો

રાજકોટ, તા. ૮

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સમગ્ર રાજ્ય સહિત સૌરાષ્ટ્રના પાટનગર સમાન રાજકોટ શહેરમાં ઓટોમેટિક મીટરિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર હેઠળ સ્માર્ટ મીટર લગાડવાની વ્યાપક ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. છેલ્લા ચાર વર્ષથી વધુ સમયથી આ યોજના અમલમાં હોવા છતાં, રાજકોટ શહેરના ગ્રાહકો તરફથી તેને ધારેલો પ્રતિસાદ મળી રહ્યો નથી. શહેરમાં નોંધાયેલા અંદાજે ૭ લાખ વીજ ગ્રાહકોમાંથી અત્યાર સુધીમાં માત્ર ૨.૧૧ લાખ ઘરોમાં જ સ્માર્ટ મીટર લગાડી શકાયા છે. આ આંકડાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે સામાન્ય નાગરિકોમાં સ્માર્ટ મીટર પ્રત્યે હજુ પણ મોટો અણગમો અને અચકાટ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક ગ્રાહકોમાં સ્માર્ટ મીટર મુકાવવાથી વીજ બિલ અતિશય વધુ આવશે અથવા તો યુનિટ વધારે ગણાશે તેવી એક દહેશત વ્યાપેલી છે. આ ડર અને અફવાઓના કારણે મોટાભાગના લોકો સામે ચાલીને કે સહજતાથી સ્માર્ટ મીટર સ્વીકારવા તૈયાર થતા નથી. જોકે, આ પરિસ્થિતિ સામે વીજ કંપનીનું તંત્ર પણ પોતાના આંકડાઓ અને તર્કો સાથે મેદાનમાં આવ્યું છે.

PGVCLના સુપ્રીન્ટેન્ડિંગ એન્જિનિયરના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકાર દ્વારા વિશેષરૂપે નિયુક્ત કરાયેલી ઓટોમેટિક મીટરિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની ટીમ અને વીજ કંપનીના કર્મચારીઓ સંયુક્ત રીતે દરરોજ ક્ષેત્રિય કામગીરી કરી રહ્યા છે. આ ટીમો શહેરમાં આવેલા તમામ ઔદ્યોગિક એકમો, વાણિજ્યિક સંકુલો તેમજ દુકાનોમાં રૂબરૂ જઈને દરરોજ સ્માર્ટ મીટર બદલાવવાની કામગીરી પૂર્ણ ઝડપે આગળ વધારી રહી છે.

સમગ્ર પ્રદેશના એકત્રિત ડેટા અંગે વિગતો આપતાં અધિકારીઓએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ઘરવપરાશ ક્ષેત્રે ૩ લાખ ૭૨ હજારથી વધુ, વાણિજ્યિક ક્ષેત્રે (દુકાનો અને ઓફિસોમાં) ૧ લાખ ૮ હજારથી વધુ, તેમજ નાના કારખાનાઓ અને એનઆરજીપી (NRGP) ક્ષેત્રે થઈને ૧૭ હજારથી વધુ સ્માર્ટ મીટરો સફળતાપૂર્વક ઇન્સ્ટોલ કરી દેવામાં આવ્યા છે અને આ પ્રક્રિયા સતત પ્રગતિ હેઠળ છે.



જે ગ્રાહકો નવી ટેકનોલોજીથી માહિતગાર છે, સિસ્ટમની કાર્યપદ્ધતિ સમજે છે અને ભવિષ્યમાં આધુનિક સુવિધાઓનો લાભ લેવા માટે ઉત્સુક છે, તેઓ સામે ચાલીને સ્માર્ટ મીટર લગાડવા માટે સહયોગ આપી રહ્યા છે. પરંતુ જે ગ્રાહકોના મનમાં હજુ પણ દ્વિધાઓ, ગેરસમજો કે આશંકાઓ વ્યાપેલી છે, તેમને સમજાવવા માટે વીજ કંપની દ્વારા 'IEC' એક્ટિવિટી ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશ હેઠળ વીજ અધિકારીઓ ગ્રાહકો સાથે સીધો સંવાદ સાધીને તેમને એજ્યુકેટ કરી રહ્યા છે, જેથી તેમના મનમાંથી સ્માર્ટ મીટર સંબંધિત તમામ ભ્રમો અને ગેરસમજો દૂર કરી શકાય.

વીજ કંપનીના અધિકારીઓએ આહ્વાન કર્યું છે કે સ્માર્ટ મીટર ઇન્સ્ટોલ કરવામાં કોઈપણ જાતનો પ્રોબ્લેમ નથી અને શરૂઆતના તબક્કે જે થોડોઘણો વિરોધ જોવા મળતો હતો તે હવે ઘણો શાંત થઈ ગયો છે.

સૌથી મહત્વની બાબત સ્પષ્ટ કરતા સુપ્રીન્ટેન્ડિંગ એન્જિનિયરે જણાવ્યું હતું કે, સ્માર્ટ મીટર નાખવું એ ગ્રાહક માટે મરજીયાત બાબત નથી પરંતુ કાયદાકીય રીતે ફરજિયાત છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના આદેશો ઉપરાંત સેન્ટ્રલ ઇલેક્ટ્રિસિટી ઓથોરિટી , ગુજરાત ઇલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન તેમજ વિદ્યુત લોકપાલના વિવિધ રિઝોલ્યુશન અને ચુકાદાઓ મુજબ દરેક વીજ ગ્રાહકે સ્માર્ટ મીટર લગાડવું અનિવાર્ય છે. તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ અફવાઓ પર ધ્યાન ન આપે અને આધુનિક ડિજિટલ નેટવર્ક ઊભું કરવાની કામગીરીમાં સહકાર આપે.